# <u>પ્રેસનોટ</u>

## <u>પાંડેસરા, ગુજરાત હાઉસીંગ બોર્ડની કોલોનીઓમાં આવેલ બિસ્માર/જર્જરીત મકાનોના ગટર તથા પાણી જોડાણ કાપવાની કામગીરી બાબત.</u>

સાઉથ ઝોન(ઉધના)ના એડી.સીટી ઈજનેરશ્રી(સી) તથા કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ આજ તા.૨૮/૧૧/૨૦૧૯ ના રોજ પાંડેસરા, ગુજરાત હાઉસીંગ બોર્ડની કોલોનીઓમાં આવેલ બિસ્માર/જર્જરીત મકાનોના ગટર તથા પાણી જોડાણ કાપવાની કામગીરી હાથ ધરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.

સાઉથ ઝોન(ઉધના) સમાવિષ્ટ વિસ્તારમાં ગુજરાત હાઉસીગ બોર્ડ, પાંડેસરા સ્થિત એલ.આઈ.જી./એમ.આઈ.જી. મકાનો પૈકી જર્જરીત/બિસ્માર મકાનોના રહીશોને સુરત મહાનગરપાલિકા ધ્વારા ધી.જી.પી.એમ.સી.એકટ–૧૯૪૯ ની કલમ–૨૬૪ તથા કલમ–૨૬૮ મુજબની નોટીસો પાઠવવામાં આવેલ છે. તેમ છતાં સદર જર્જરીત/બિસ્માર મકાનોમાં વસવાટકર્તા રહીશો ધ્વારા સદર નોટીસોનો અમલ કરવામાં આવેલ નહી જે અન્વયે અત્રેથી વારંવાર સ્થળ પર જર્જરીત / બિસ્માર મિલ્કતોમાંથી વસવાટ ખાલી કરવા માટે જાહેર નોટીસ પ્રસિધ્ધ કરી તથા પ્રચાર ગાડી મારફત પણ જાહેરાત કરવામાં આવેલ.તેમ છતાં સદર બિસ્માર/જર્જરિત આવાસોના રહીશો ધ્વારા વસવાટ ખાલી કરવામાં આવેલ નહી આવતા આજ રોજ સાઉથ ઝોન(ઉધના) ના અધિકારી/ કર્મચારીઓના સ્ટાફ તથા અઠવા ઝોન તેમજ લિંબાયત ઝોનના શહેર વિકાસ તેમજ પાણી વિભાગના સંબંધિત સ્ટાફ સહિત જરૂરી મશીનરીઓ,જે.સી.બી.નંગ–૦૪, ટ્રક નંગ–૦૪ તથા સુરત મહાનગરપાલિકાના માર્શલ / સિકયુરીટી સ્ટાફ તથા બેલદારો સહિત આશરે ૨૭૦ ના સ્ટાફ ની મદદથી સદરહું જર્જરીત/બિસ્માર આવાસોના ગટર/પાણી કનેકશનો કાપવાની કાર્યવાહીનું આયોજન હાથ ધરવામાં આવેલ. જેના અનુસંધાને આજ તા.૨૮/૧૧/૨૦૧૯ ને ગુરૂવારના રોજ સમય સવારે ૧૦:૧૫ કલાકે એલ.આઈ.જી.૫૪૦ ના આંતરિક રસ્તા પર આવેલ પાણીની લાઈન કાપવાની કામગીરી શરૂ કરતા સ્થાનિક રહેવાસીઓ તથા તેઓના અમુક આગેવાનો એ સ્થળ પર પાણીની લાઈન કાપવાની કામગીરીનો વિરોધ કરેલ તથા સ્થળ પર હાજર અધિકારીઓ/કર્મચારીઓ સાથે ગેરવર્તણુક કરી કામગીરીમાં રૂકાવટ ઉભી કરવામાં આવેલ તેમજ જે.સી.બી.મશીનની ફરતે સ્થાનીકો રહીશો ધ્વારા લોકટોળા ભેગા કરી કામગીરી સંપૂર્ણ બંધ કરાવેલ. જે મુજબ પરિસ્થિતિ કાબુ બહાર જતાં ૧૦૦ નંબર ડાયલ કરી પોલીસની મદદ માંગવામાં આવેલ. જે અન્વયે પીસીઆર વાન સહિત પોલીસ સ્ટાફ સ્થળ પર આવી પરિસ્થિતી કાબુમાં કરવાનો પ્રયત્ન કરેલ તેમ છતાં સ્થળ પર હાજર લોકટોળાએ અત્રેના સ્ટાફ સામે ઉગ્ર વિરોધ કરી સદર કામગીરી કરવા દીધેલ નહી.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર

સમાચાર યાદી નં.૫૪૯

તા.૨૮/૧૧/૨૦૧૯









# <u>પ્રેસનોટ</u>

## દબાણ દૂર કર્યાની વિગત :–

સેન્ટ્રલ ઝોનના ઝોનલ ચીફ/ડે.કમિશનરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રી ની સીધી સુચના અને માર્ગદર્શન હેઠળ સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોનમાં આવેલ વિવિધ વિસ્તારોમાં વસ્તીની ગીચતા તેમજ પ્રમાણમાં સાંકડા રસ્તાઓ ઉપર વિવિધ વસ્તુઓનાં વેચાણ કરનારા ઇસમો ધ્વારા વારંવાર દબાણ કરવામાં આવે છે. જેને કારણે આસપાસ વસવાટ કરનારા તેમજ રાહદારીઓને અગવડતા પડે છે. દબાણ ખાતાના સ્ટાફ ધ્વારા અત્રેથી નિયમિત ધોરણે આ પ્રકારના દબાણો દુર કરવામાં આવે છે. જેના ભાગરૂપે તા.૨૭/૧૧/૧૯ થી તા.૨૯/૧૧/૧૯ દરમ્યાન સેન્ટ્રલ ઝોનના દબાણ ખાતા તથા શહેર વિકાસ ધ્વાર સિક્યુરીટી સ્ટાફની મદદથી વિવિધ વિસ્તારોમાં ઘનિષ્ઠ ઝુંબેશો આદરી આ પ્રકારના દબાણો દુર કરી આજુબાજુ વસવાટ કરનાર તેમજ રાહદારીઓને સુગમતા કરવામાં આવેલ છે. જે દરમ્યાન સ્થાનિક નાગરીકોનો સહકાર પણ પ્રાપ્ત થયેલ છે. સદર ઝુંબેશો અન્વયે ચૌટાબજાર વિસ્તાર મોતી ટોકીસની આજુબાજુનો વિસ્તાર, સ્નેહમિલન ગાર્ડનની આજુબાજુનો વિસ્તાર, જીવનભારતી સ્કુલને લાગુ વિસ્તાર, રાજમાર્ગ, ખાપટીયા ચકલા તેમજ હવાડીયા ચકલા વિસ્તાર, અંબાજી રોડ વિગેરે વિસ્તારોમાં ઘનિષ્ઠ ઝુંબેશ આદરી દબાણો દુર કરવામાં આવેલ છે. સદર ઝુંબેશમાં નીચે મુજબનો સામાન જપ્ત કરવામાં આવેલ છે.

(૧) બંધ લારી– ૪૨ નંગ

(૨) ખુલ્લી લારી –૨૨ નંગ

(૩) પાથરણા – ૧૮૭ નંગ

(૪) કેબીન – ૫ નંગ

(૫) અન્ય પરચુરણ સમાન – ૨ ટ્રક (આશરે)

આગામી દિવસોમાં પણ સેન્ટ્રલ ઝોનના વિવિધ વિસ્તારોમાં પોલીસ ડિપાર્ટમેન્ટ તથા ટ્રાફીક પોલિસના સંકલનમાં રહીને ઘનિષ્ઠ ઝુંબેશોનું આયોજન કરવામાં આવશે. જેથી રહેવાસીઓ તથા રાહદારીઓને સુગમતા પુરી પાડી શકાય.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ૫૫૦
તા.૨૯/૧૧/૨૦૧૯

**સુરત મહાનગર પાલિકા**
**વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી**
**અખબારી યાદી**

# સુરત મહાનગરપાલિકાના વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ દ્વારા માસ ડ્રાય ડે કેમ્પેઈન અંતર્ગત કરવામાં આવેલ કામગીરી

**મહાનગર પાલિકાના પદાધિકારીશ્રીઓ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ, ડે.કમિશનરશ્રીઓ ઝોનલ ચીફશ્રીઓ, કાર્યપાલક ઈજનેરો, આસી.કમિશનરશ્રીઓ તેમજ આરોગ્ય, ટેકનીકલ વિભાગનો સ્ટાફ મળી અંદાજે ૨૩૩૬ જેટલા કર્મચારીઓ જોડાયા તેમજ તમામ ઝોન ખાતે વિવિધ સ્થળો પર રૂબરૂ હાજર રહી, શાળાનાં વિદ્યાર્થીઓ તેમજ જાહેર જનતાને તેમના ઘરમાં મચ્છરોની ઉત્પતિ રોકવા શું કાળજી લેવી જોઈએ તેમજ મચ્છરો તથા બ્રિડીંગનું લાઈવ ડેમોન્સ્ટ્રેશન બતાવી વિગતે સમજ આપી હતીઃ–**

સુરત મહાનગરપાલિકાના વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા ડેન્ગ્યુ, ચિકુનગુનિયા, મેલેરિયા જેવા રોગ ફેલાવતા મચ્છરોનાં નિયંત્રણ માટે સમગ્ર શહેરમાં **"માસ ડ્રાય ડે કેમ્પેઈન"** નું આજરોજ આયોજન કરવામાં આવેલ હતું. જે અંતર્ગત ડેન્ગ્યુ તેમજ ચિકુનગુનિયા રોગ માટે હાઈરીસ્ક એવા સ્લમ વિસ્તારો, સ્લમલાઈક વિસ્તારો તથા સોસાયટીઓમાં લોકોને પોતાના ઘરોમાં ડેન્ગ્યુ, ચિકુનગુનિયા જેવા રોગો માટે જવાબદાર એડિસ મચ્છરો ની ઉત્પતિ અટકાવવા માટે પાણી ભરવાના પાત્રો જેવા કે **પીપ, કેરબા, ડ્રમ, પવાલી, ડોલ, મની પ્લાન્ટ, ફ્રીજની ટ્રે, એરકુલરની ટ્રે, પક્ષીકુંજ, ફૂલ–છોડનાં કુંડામાં ભરાય રહેલ વધારાનું પાણી તથા ફૂલ–છોડનાં કુંડાની નીચે મુકવામાં આવેલ ડીસ** વિગેરે દર શનિવારે સંપૂર્ણ ખાલી કરી પાત્રોની અંદરની સપાટીને કાથાની દોરી વડે ઘસી, સુકવીને ત્યારબાદ જ પાણી ભરે અને પાણી ભરવાના તમામ પાત્રો ઢાંકીને રાખવા સમજ આપવામાં આવી હતી.

આજરોજ તમામ ઝોનોમાં વીબીડીસી, આરોગ્યવિભાગ, ટેકનીકલ વિભાગ, કલેરીકલ વિભાગ ના તમામ સ્ટાફ દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વે, પેમ્ફલેટ વિતરણ,પોસ્ટરો,બેનરો તથા રીક્ષાપ્રચાર દ્વારા લોકોમાં જનજાગૃતિ આવે તેમજ દર શનિવારે લોકો પોતાની જાતે જ ડ્રાય ડે અંતર્ગત ઘરના પાણી ભરવાના તમામ પાત્રો સાફ રાખે તથા ઢાંકીને રાખે તેવી ટેવ પડે લોકોમાં અવેરનેશ આવે તે માટે સમજ આપવામાં આવી હતી. આ કેમ્પેઈનમાં હાઉસ ટુ હાઉસ આરોગ્ય શિક્ષણ,લાઈવ ડેમોન્સ્ટ્રેશન,રીક્ષા પ્રચાર ઘનિષ્ઠ રીતે કરવામાં આવેલ હતું. આજરોજ કુલ **૭૫૦** વિસ્તારોમાં ૧૬૬૦૯૭ ઘરો અને અંદાજિત **૮૩૦૪૮૫** વસ્તી આવરી લેવામાં આવેલ હતી. લોકોને પોતાના ઘરમાં રહેલા એડિસ મચ્છરોના ઉત્પતિ સ્થાનો રૂબરૂ બતાવવામાં આવેલ હતા. કુલ **૫૦** સ્થળોએ મચ્છરના વિવિધ સ્ટેજ લાઈવ ડેમોન્સ્ટ્રેશનથી બતાવવામાં આવેલ હતા, જેમાં કુલ **૧૩૭૮૦૯** લોકો સામેલ થયા હતા અને આરોગ્ય શિક્ષણ મેળવ્યુ હતુ. આ

કામગીરીમાં માન.મ્યુ.કમિશ્નરશ્રી, ડે.કમિશ્નરશ્રીઓ, ઝોનલચીફશ્રીઓ, કાર્યપાલક ઈજનેરો, આસી.કમિશ્નરો, નાયબ આરોગ્ય અધિકારીઓ, આસી.જંતુનાશક અધિકારીઓ સુરત મહાનગર પાલિકાનાં પદાધિકારીશ્રીઓ,વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ, સામાજીક કાર્યકર્તાઓ ની હાજરીમાં મચ્છરો, મચ્છરોના લાર્વા(પાણીપોરા) તથા પોરભક્ષક માછલીઓ નું લાઈવ ડેમોન્સ્ટ્રેશન તથા આરોગ્યલક્ષી શિક્ષણ આપવામાં આવ્યું હતું. આ ઝુંબેશમાં આરોગ્ય સમિતિના ચેરમેનશ્રી, દિગ્વિજયસિંહ બારડ, માજી મેયરશ્રીમતિ અશ્મિતાબેન શિરોયા તેમજ અન્ય કોર્પોરેટરો, સામાજિક કાર્યકરો સાથે જોડાયા હતા.

આજની ઝુંબેશમાં સુરત મહાનગર પાલિકાના ડે.કમિશ્નરશ્રીઓ, ઝોનલચીફશ્રીઓ, કાર્યપાલક ઈજનેરો, આસી.કમિશ્નરો, નાયબ આરોગ્ય અધિકારીઓ, આસી.જંતુનાશક અધિકારીઓ, ઈજનેરી સ્ટાફ, કલેરીકલ સ્ટાફ, ૩૪ સેનેટરી ઇન્સ્પેકટર, ૧૧૩ સેનેટરી સબ ઇન્સ્પેકટર, ૪૬૩ પ્રાયમરી હેલ્થ વર્કરો અને સર્વેલન્સ વર્કરો, ૬૪૦ મુકાદરો અને બેલદારો, ૭૪૨ સફાઈ કામદારો મળી કુલ **<u>૨૬૧</u>** જુદી–જુદી કેડરના કર્મચારીઓ જોડાયા હતા. આ કામગીરીનાં પ્રચાર–પ્રસાર માટે **<u>૫૧</u>** બેનરો, **<u>૯૩૨૨૧</u>** જેટલા પેમ્ફલેટનો ઉપયોગ કરવામાં આવ્યો તથા **<u>૧૨૬૬૨</u>** નકામા કંટેનરોનો નિકાલ કરવામાં આવ્યો.

**તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.**
**સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦**

જનસંપર્ક વિભાગ
સમાચાર યાદી નં. ૫૫૧
તા.૩૦–૧૧–૨૦૧૯

# પ્રેસનોટ

## (૧). ભેસ્તાન એચ–૧૫ આવાસમાંથી દબાણ દૂર કર્યાની વિગત :–

સાઉથ ઝોન(ઉધના)ના એડી. સીટી ઈજનેર(સી) તથા ઝોનલ ચીફશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ સાઉથ ઝોન (ઉધના) માં સમાવિષ્ટ ડ્રા.ટી.પી.સ્કીમ નં.૫૪(ભેસ્તાન), ફા.પ્લોટ નં.૧/એ પૈકી આવેલ એચ–૧૫ આવાસના આંતરિક તેમજ લાગુ ટી.પી.રોડનું દબાણ દૂર કરવાની ઝૂંબેશના ભાગરૂપે **આજ તા.૩૦/૧૧/૨૦૧૯** ના રોજ અત્રેના ઝોનના શહેર વિકાસ વિભાગ/દબાણ વિભાગના સ્ટાફ, સિકયોરીટી સ્ટાફ તેમજ પોલીસ સ્ટાફની મદદથી ઉપરોકત વિસ્તારમાંથી દબાણ દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ. જેની વિગત નીચે મુજબ છે.

ડ્રા.ટી.પી.સ્કીમ નં.૫૪(ભેસ્તાન), ફા.પ્લોટ નં.૧/એ પૈકી એચ–૧૫ માં સુરત મહાનગરપાલિકા ધ્વારા ઈ.ડબલ્યુ.એસ.આવાસો બનાવવામાં આવેલ છે. સદર આવાસની અંદરના ભાગે માર્જીનમાં/ આંતરિક રસ્તાઓ તેમજ આવાસને લાગુ ઓપન સ્પેસ/ ટી.પી.રસ્તા પર સ્થાનિક રહીશો ધ્વારા કાચા પાકા દબાણો કરવામાં આવેલ. સદરહું દબાણ દુર કરવાની કામગીરીના ભાગરૂપે આજ રોજ સદર આવાસોની માર્જીન/ખુલ્લી જગ્યામાં બનાવવામાં આવેલ આશરે ૧૦ ફુટ × ૧૦ ફુટ માપ વિસ્તારની પાટીયા/પૂંઠાની આશરે ૧૫ થી ૨૦ કેબીન/ઝુંપડા/પતરાના શેડ સ્થળ પરથી દુર કરવામાં આવેલ છે. તેમજ ખુલ્લી /બંધ લારી/કેબીન– ૦૩, પ્લાસ્ટીકની પટ્ટીઓ(૧ ઈંચ પહોળાઈ) –૬૦ નંગ, વાંસના બાંબૂ– ૩૦, પૂંઠા/પાટીયા–૧૦ નંગ, પતરા–૨૫ નંગ, ટેબલ– ૦૧, કેબીન–૦૧, પ્લાસ્ટીકની ખુરશી–૦૫, લો.બાકડો–૦૧ જપ્ત કરવામાં આવેલ છે. સદરહું કામગીરીમાં સાઉથ ઝોન(ઉધના)ના ડે.ઈજનેર–૦૨, શહેર વિકાસ વિભાગના આસી./જુ. ઈજનેર/આસી. ટા. પ્લાનર– ૦૫, ટેક.આસી.–૦૧, બેલદાર–૧૫, સુરત મહાનગરપાલીકા સિકયોરીટી સ્ટાફ– ૧૫, કોન્ટ્રાકટ એજન્સીના માણસો– ૨૫, તેમજ ફાળવેલ પોલીસ સ્ટાફની મદદથી સદરહું કામગીરી શાંતિપૂર્વક પૂર્ણ કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં.૫૫૨
તા.૩૦/૧૧/૨૦૧૯

# ્રેસનોટ :–

## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા ઈન્ટેન્સીફાઈડ મીશન ઈન્દ્રધનુષ ૨.૦ (IMI 2.0) કાર્યક્રમનો આજે તા.૦૨/૧૨/૨૦૧૯ ના રોજ શુભારંભ કરવામાં આવ્યો

સરકારશ્રીનો ધ્યેય ભારતનો દરેક બાળક રસીથી નિવારી શકાય તેવા રોગો સામે રક્ષણ આપતી રસીઓથી વંચિત ન રહે એ માટેનો છે. સઘન મિશન ઈન્દ્ર ધનુષ ૨.૦નો મુખ્ય ધ્યેય બાળકોને સંપૂર્ણ રક્ષિત કરવાનો છે.

IMI 2.0 ૨૦૧૯–૨૦ અંતર્ગત કુલ ચાર રાઉન્ડ હાથ ધરવામાં આવશે.ડીસેમ્બર (૦૨/૧૨/૧૯ થી), જાન્યુઆરી(૦૬/૦૧/૨૦ થી), ફેબ્રુઆરી (૦૩/૦૨/૨૦ થી) અને માર્ચ(૦૨/૦૩/૨૦ થી) IMI 2.0 ના પ્રથમ રાઉન્ડમાં સુરત મહાનગરપાલિકાના વિવિધ શહેરી આરોગ્ય કેન્દ્રમાં ૪૧ સેશનો હાથ ધરી ૦ થી ૨ વર્ષ સુધીના કુલ ૧૯૫ બાળકો અને ૩૨ સગર્ભા બહેનોને જરૂરી રસી આપવામાં આવશે.

આ કાર્યક્રમનો આજરોજ નોર્થ ઝોન(કતારગામ)માં આવેલી સ્મૃતિ સોસાયટી,ગજેરા સર્કલ પાસે, કતારગામ, સુરત ખાતેથી દિપ પ્રાગટય કરી શુભારંભ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગમાં આરોગ્ય અધિકારીશ્રી ડો.પ્રદીપ ઉમરીગર, મેડીકલ ઓફીસરશ્રી (વર્ગ–૧)ડો.ફેનીલ પટેલ, નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડો.કે.એ.શ્રોફ,ઈ.ચા.નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડો.ચેતન ચોકસી, સ્મૃતિ સોસાયટીના પ્રમુખ તેમજ સભ્યો અને કતારગામ ઝોનના વિવિધ શહેરી આરોગ્ય કેન્દ્રોના મેડીકલ ઓફીસરો, એ.એન.એમ.,આશા તથા ટી.એન્ડ ટી.વી.સ્કુલ ઓફ નર્સીગના સ્ટુડન્ટો તેમજ આરોગ્ય વિભાગનાં અન્ય અધિકારી/કર્મચારીઓ હાજર રહયા હતા.

આ કાર્યક્રમમાં રસીકરણથી વંચિત બાળકો માટે સેશન કરવામાં આવશે તેમજ શહેરની હંગામી મજૂર વસાહતો,પેરી અર્બન એરીયા,સ્લમ તથા ઈન્ડસ્ટ્રીયલ વિસ્તાર,કન્સ્ટ્રકશન સાઈડ,કડીયા નાકા,ધાર્મિક સ્થળો, ઓવર બ્રિજ નીચે તથા નદી કિનારા વિગેરે સ્થળોએ મોબાઈલ ટીમો મારફતે કામગીરી કરવામાં આવશે.

જન સંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં.૫૫૩
તા૦૨/૧૨/૨૦૧૯



# પ્રેસનોટ

આજરોજ તા.૦૨.૧૨.૨૦૧૯ ના રોજ મે.કમિશ્નરશ્રીના પરીપત્ર નં.સી.એન.૫૫૫, તા.૨૧.૧૧.૨૦૧૯ અંતર્ગત સમય સવારે ૧૦:૦૦ કલાકે માન. મેયરશ્રીના અધ્યક્ષપણા હેઠળ ડેપ્યુટી મેયરશ્રી, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનશ્રી, શાસક પક્ષના નેતાશ્રી તેમજ સેન્ટ્રલ ઝોનમાં સમાવિષ્ટ ઈલેકશન વોર્ડ નં.૧૧, ૧૨, ૧૯ અને ૨૦ ના મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ તથા સુરત મહાનગરપાલિકાનાં ડેપ્યુટી કમિશ્નરશ્રી તથા ઝોનલ ચીફશ્રી(સેન્ટ્રલ ઝોન) કે.એસ. પટેલ, ડેપ્યુટી કમિશ્નરશ્રી ડૉ.આર.જે. પંડયા, ડેપ્યુટી કમિશ્નરશ્રી સી.વાય.ભટ્ટ, ડેપ્યુટી કમિશ્નરશ્રી ડૉ. આશિષ કે. નાયક, આસી.કમિશ્નર અને ઈ.ચા. ડેપ્યુટી કમિશ્નરશ્રીમતી ગાયત્રીબેન જરીવાલા તથા શ્રી કમલેશભાઈ નાયક તેમજ જુદાં જુદાં વિભાગો (ડ્રેનેજ, હાઉસીંગ, હાઈડ્રોલિક, ટ્રાફિક) ના કાર્યપાલક ઈજનેરશ્રીઓ, જુદાં જુદાં વિભાગ(લાઈટ અને રોડ) ના ડેપ્યુટી ઈજનેરશ્રીઓ અને સેન્ટ્રલ ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રી ડી.એન. બસાક તથા ડેપ્યુટી ઈજનેરશ્રીઓ(તમામ) અને સંબંધિત આસી./જુની. ઈજનેરશ્રીઓ સહિતના અધિકારી તથા પદાધિકારીઓની સાથે એક સંકલન મીટીંગનું આયોજન કરવામાં આવેલ. જેમાં ઝોન વિસ્તારમાં વિકાસના કામો, બજેટ અંતર્ગત તથા જે તે વિભાગ ધ્વારા પ્રગતિ હેઠળના કામો વિગેરે બાબતે સવિસ્તાર ચર્ચા કરી અને સભ્યશ્રીઓના સુચનો / રજુઆત અન્વયે ચર્ચા વિચારણા કરી થનાર કામગીરી બાબતે જરૂરી આયોજન બાબતે માન.મયેરશ્રી ધ્વારા તથા અધિકારીઓ ધ્વારા ઉકેલ સુચવી તે મુજબ આગામી કાર્યવાહી હાથ ધરવા જણાવેલ.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ૫૫૪
તા.૦૨-૧૨-૨૦૧૯

## પ્રેસનોટ

સને ૧૯૮૮થી ૧લી ડીસેમ્બર નાં રોજ સમગ્ર વિશ્વમાં વિશ્વ એઈડ્સ દિનમનાવવામાં આવે છે. આ દિન મનાવવાનો મુખ્ય હેતુ લોકોમાં એચ.આઈ.વી/એઈડ્સ પ્રત્યે જનજાગૃતિ લાવવાનો તેમજ એચ.આઈ.વી/એઈડ્સથી મૃત્યુ પામેલ લોકોને શ્રધ્ધાંજલી પાઠવવી તેમજ સમાજમાં એચ.આઈ.વી/એઈડ્સ નો ચેપ ધરાવતા લોકો પ્રત્યે કલંક અને ભેદભાવ દૂર કરવાનો છે.

આજે સમગ્ર દુનિયામાં જયારે આ રોગ ખુબજ ઝડપથી ફેલાઈ રહયો હોય તેનાં અટકાયતનાં પગલા લેવા ખુબજ જરૂરી થઈ જાય છે. સમગ્ર વિશ્વમાં ભારત ત્રીજો દેશ છે જયાં સૌથી વધારે એચ.આઈ.વી.ગ્રસ્ત લોકો છે. સને ૨૦૧૮ માં ૨૧ લાખ લોકો ભારતમાં એચ.આઈ.વી.ગ્રસ્ત હતા. અગાઉનાં વર્ષોમાં જે ખોફ અને ભય આ રોગનો હતો તેનાં પ્રમાણમાં આ રોગની દવા (ART) શોધાયા બાદ તે ખોફ / ભય દુર થયા છે તેમજ કેસમાં પણ ઘટાડો થયો છે. જો એચ.આઈ.વી. સંક્રમિતવ્યકિતનિયમિત એ.આર.ટી. દવા લે તો તે અન્યવ્યકિતઓની જેમ લાંબુ જીવી શકે છે. હાલ સુરત શહેરમાં એચ.આઈ.વી./એઈડ્સ અંતર્ગત હાલ ૨૩ જેટલી સંસ્થાઓ કાર્યરત છે. આ સંસ્થાઓ જેમને એચ.આઈ.વી.નો ચેપ લાગવાની શકયતા વધુ હોય તેવા સેકસ સર્કર બહેનો, સમલૈંગિક પુરૂષો, નશીલી દવાઓનું સેવન કરતા લોકો, પરપ્રાંતિય પુરૂષો વિગેરેને એચ.આઈ.વી/એઈડ્સ અંગે જાણકારી આપે છે તેમજ તેમનાં રોગનું નિદાન કરાવી સારવાર અપાવવા મદદ કરે છે. આ સાથે સુરત શહેરમાં સુરત મહાનગરપાલિકાનાં તમામ ૫૧ શહેરી આરોગ્ય કેન્દ્રોમાં વિનામુલ્યે એચ.આઈ.વી. પરીક્ષણ કરવામાં આવે છ તદઉપરાંત ન્યુ. સિવિલ હોસ્પિટલ, સ્મીમેર હોસ્પીટલ, પ્રાણનાથ હોસ્પિટલ, લોખાત હોસ્પિટલ વગેરેમાં પણ એચ.આઈ.વી.નું નિદાન કરવામાં આવે છે. જો વ્યકતિ એચ.આઈ.વી. પોઝીટીવ જણાય તો તેમની સારવાર ન્યુ. સિવિલ હોસ્પિટલ તથા સ્મીમેર હોસ્પીટલનાં એ.આર.ટી. સેન્ટર ખાતે મળે છે. સરકારશ્રી તરફથી એચ.આઈ.વી. પોઝીટીવ દર્દીઓ માટે વિવિધ યોજનાઓ અને આર્થિક સહાય મળે છે જેની કામગીરી જી.એસ.એન.પી. પ્લસ ધ્વારા  કરવામાં આવે છે.

આવર્ષે'વિશ્વ એઈડ્સ દિન–૨૦૧૯'નિમિત્તે *''સમુદાય ધ્વારાબદલાવ'*થીમને યતાર્થ કરવાનાં હેતુથી૧ લી ડીસેમ્બર–૨૦૧૯ નાં રોજ સવારે ૧૦.૦૦ કલાકે સાથે સુરત મહાનગરપાલિકાના એસ.ટી. ડી. કેર પ્રોજેકટ,ડીસ્ટ્રીકટ એઈડ્સ પ્રિવેન્શન એન્ડ કંટ્રોલ યુનિટ–(ડાપકુ) સુરત, ઈન્ડીયન મેડીકલ એસોસીએશન–(આઈ.એમ.એ.) સુરત, ગુજરાત સ્ટેટ નેટવર્ક ઓફ પોઝીટીવ પિપલલિવિંગ વીથ એચ.આઈ.વી. ઈન–સુરતનાં સહયોગથી મા. મેયરશ્રીનાં અધ્યક્ષ સ્થાને એક વિશાળ રેલીનું આયોજન કરવામાં આવેલ જેમાં  સુરત મહાનગરપાલિકાનાં કાઉન્સેલર અનેકર્મચારીઓ, સુરત શહેર ખાતે એઈડ્સ અટકાયત સાથે સંકળાયેલ ૨૩ જેટલી સ્વૈચ્છીક સંસ્થાનાં કાર્યકરો, લોકલ સેલ્ફ ગર્વન્મેનટ કોલેજના વિધાર્થીઓ વગેરે મળી કુલ ૫૦૦ જેટલા લોકોએ ભાગ લીધો હતો. રેલી પ્રસ્થાન પહેલા સુરત શહેરનાં પ્રથમ નાગરીક અને મેયરશ્રીડો. જગદીશભાઈ પટેલે સમગ્ર વિશ્વમાં એચ.આઈ.વી./એઈડ્સથી થયેલ તારાજીની વાત કરેલ અને આ રોગને અટકાવવા માટે સરકારશ્રી સાથે જનસમુદાયે પણ જનજાગૃતિ કેળવવા અનુરોધ કર્યો.  ડો. આશીષભાઈ નાયક ડે. કમિશનરશ્રી(હે.અને હો.)  સુરત મહાનગરપાલિકા ધ્વારા જણાવેલ કે દર વર્ષે ૧ લી ડીસેમ્બરે એચ.આઈ.વી./એઈડ્સની જનજાગૃતિ માટે દિવસ મનાવવામાં આવે છે પરંતુ આ રોગ અટકાયતની કામગીરી ફકત એક દિવસ સીમીત ન રહેતા વર્ષનાં તમામ દિવસતેની કામગીરી હેલ્થ સેન્ટર ખાતે કરવામાં આવે છે. રેલી દરમ્યાન ઢોલ નગારા અને કેનોપી સહિત બે સાયકલ વીથ બેનર, સ્ટન્ડી, પોસ્ટર્સ અને પ્લે કાર્ડ વગેરે સાથે એચ.આઈ.વી./એઈડ્સ અંગેજનજાગૃતિની  ૫૦૦૦ જેટલી પત્રિકાઓ પણ વહેચવામાં આવેલ.

આ સાથે તા.૦૩/૧૨/૨૦૧૯નાં રોજ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, અમરોલી, સુરત એકખાતે આંતર કોલેજવકતૃત્વ સ્પર્ધા અને તા.૦૫/૧૨/૨૦૧૯નાં રોજ બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. આ રેલીનું આયોજન એસ.ટી.ડી.કેર પ્રોજેકટ ધ્વારા સફળતાપુર્વક કરવામાં આવેલ છે.

# નવો પૂર્વઝોન(વરાછા)–બી ની અખબારી યાદી

તા.૦૨/૧૨/૨૦૧૯

**નવો પૂર્વ(વરાછા)ઝોન–બી વિસ્તારમાં તા.૦૨/૧૨/૨૦૧૯ નાં રોજ કરવામાં આવેલ ડીમોલીશન બાબત.**

| ટી.પી.સ્કીમ નં./ફા.પ્લોટ નં. | સ્થળ | ડીમોલીશનની વિગત | રીમાર્કસ |
|---|---|---|---|
| **તારીખ ૦૨/૧૨/૨૦૧૯** | | | |
| ટી.પી.સ્કીમ નં.૨૦(પુણા) ફા.પ્લોટ નં.૧૦૬, બ્લોક નં.૪૭૭ | પ્લોટ નં.૧૨૫/૧૨૬ વલ્લભનગર, પુણા | સદર મિલ્કતના પહેલા માળે, બીજા માળે તથા ટેરેસ ફલોર ઉપર બનાવેલ પાર્ટીશન દિવાલો (અંદાજે ૧૨૦૦ ચો.ફુટ) તથા બીજા માળનો સ્લેબ (અંદાજે ૫૦૦ ચો.ફુટ) દુર કરવાની કામગીરી | – |

ઉપર જણાવેલ નવો પૂર્વ(વરાછા) ઝોન–બી માં આવેલ વલ્લભનગર, પુણા વિસ્તારમાં ડીમોલીશનની કામગીરી દરમિયાન પહેલા માળે, બીજા માળે તથા ટેરેસ ફલોર ઉપર બનાવેલ પાર્ટીશન દિવાલો (અંદાજે ૧૨૦૦ ચો.ફુટ) તથા બીજા માળનો સ્લેબ (અંદાજે ૫૦૦ ચો.ફુટ) બાંધકામ દુર કરવામાં આવેલ. ઉકત કામગીરી મે.ડે.કમિશ્નરશ્રીનાં આદેશ મુજબ કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ શહેરી વિકાસના સ્ટાફ, દબાણ ખાતાનો સ્ટાફ તથા સુરત મહાનગરપાલિકાનાં સીકયુરીટી સ્ટાફની મદદથી પાર પાડવામાં આવેલ.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં.૫૫૬
તા.૧૫/૧૧/૨૦૧૯

# <u>પ્રેસનોટ</u>

સુરત મહાનગરપાલિકા હસ્તકનાં ડ્રેનેજ વિભાગ ધ્વારા બમરોલી સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતે ટર્શરી ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવી, ટ્રીટેડ વોટરને ટર્શરી ટ્રીટમેન્ટ આપી, ઈન્ડસ્ટ્રીઅલ ગ્રેડ વોટર તૈયાર કરી, પાંડેસરા ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં પાણી પુરૂ પાડવામાં આવે છે. આ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતે પાંડેસરા જી.આઈ.ડી.સી.નો ઈન્ડસ્ટ્રીયલ વિસ્તાર તથા આજુબાજુનાં વિસ્તારનું રો–સુએઝ વોટર આવે છે.

છેલ્લા એક–બે માસથી રોજ સવારે ૯–૦૦ થી ૧૨–૦૦ ના સમયગાળા દરમ્યાન સુએઝ પંપીંગ સ્ટેશન / સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતે આવતાં રો–સુએઝમાં pH નું પ્રમાણ ૨ જેટલું તેમજ ટી.ડી.એસ.નું પ્રમાણ ૫૦૦૦ થી ૮૦૦૦ NTUજેટલું આવતું હતું. બમરોલી સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતે આવતી ડ્રેનેજ લાઈનમાં આ પ્રકારની કોઈ ઈન્ડસ્ટ્રીઝનું કનેકશન રેકર્ડ પર જણાતુ નથી તથા પાછલા દિવસોમાં ખાડીઓમાં કેમિકલયુકત ટેન્કરો ખાલી કરવાની ઘટનાઓ ન્યુઝ પેપરમાં પ્રદર્શિત થયેલ. જે જોતા ડ્રેનેજ લાઈનમાં રાત્રિના સમય દરમ્યાન આવા ટેન્કરો ખાલી કરવાની ઘટનાઓ નકારી શકાતી ન હતી. જેની અસર પાંડેસરા ઈન્ડસ્ટ્રીઝને આપવામાં આવતા ઈન્ડસ્ટ્રીઅલ ગ્રેડ વોટરના પ્રોડકશનને થતી હતી. આથી જેને શહેરમાં તથા તેની આજુબાજુનાં વિસ્તારની સંબંધિત ઈન્ડસ્ટ્રીઝ સામે તાકીદના ધોરણે નકકર પગલાં લેવા અત્રેથી ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ(GPCB) ને વિવિધ પત્રોથી લેખિતમાં ફરીયાદ જણાવવામાં આવેલ. તેમજ અત્રે સુરત મહાનગરપાલિકા તરફેથી આવી ગેરકાયદેસર પ્રવૃત્તિ આઈડેન્ટીફાઈટ કરવા ડ્રેનેજ વિભાગ ધ્વારા ટીમ બનાવી શહેર વિસ્તાર સ્થિત ઔદ્યોગિક એકમોની આજુબાજુ આવેલ ડ્રેનેજ કેચમેન્ટના તબકકાવાર સર્વેની કામગીરી હાથ ધરવામાં આવેલ.

ઉપરોકત વિગતે અત્રેથી છેલ્લા બે માસમાં જુદા–જુદા વિસ્તારોમાં સર્વે કામગીરી હાથ ધરેલ જે દરમ્યાન આજરોજ તા.૦૩/૧૨/૨૦૧૯ ના રોજ ભેસ્તાન, પાંજરાપોળ વિસ્તાર સ્થિત ભેસ્તાન રેલ્વે સ્ટેશનની પુર્વે ઉમેદનગર વસાહત પાસે સવારના વહેલા સુમારે ૪.૩૦ કલાકે જાહેર રસ્તા પર આવેલ ડ્રેનેજ નેટવર્કમાં ખાનગી ટેન્કર નં.NL-01-AA7477ધ્વારા ગેરકાયદેસર રીતે હાનીકારક રસાયણ ડ્રેનેજ નેટવર્કમાં મુકત રીતે ખાલી કરતા હોવાનું અત્રેના ડ્રેનેજ વિભાગની ટીમ મારફતે રંગેહાથ ઝડપાયેલ. સુરત મહાનગર પાલિકાની ટીમ ઘટના સ્થળે પહોંચતા ટેન્કર ડ્રાયવર તથા કલીનર, ટેન્કર સ્થળ પર છોડી ભાગી ગયેલ. સદર ટેન્કર સ્થળ પર હાનીકારક રસાયણથી ભરેલી હાલતમાં હાજર જણાયેલ. લાગુ બાબતે અત્રેથી સચિન પોલીસ સ્ટેશનનો સંપર્ક કરી જેની જાણવા જોગ ફરિયાદ નોંધાવવામાં આવેલ છે. જે સંદર્ભે સચીન પોલીસ સ્ટેશનની ટીમ ઘટના સ્થળે પહોંચીને જરૂરી તપાસ હાથ ધરવામાં આવેલ.

ઉપરોકત બાબતે અત્રેની ડ્રેનેજ વિભાગની ટીમ મારફતે ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ(GPCB)ની સ્થાનિક કચેરીએ ટેલિફોન નં.૦૨૬૧–૨૪૪૨૬૯૬ પર સવારે ૪.૫૫ કલાકે જાણવા જોગ ફરિયાદ – જાણ કરવામાં આવતાં ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ(GPCB)ની ટીમ પણ ઘટના સ્થળે પહોંચીને ટેન્કરમાં ભરેલ હાનીકારક રસાયણના સેમ્પલો ચકાસણી અર્થે લેવામાં આવેલ તેમજ હાનીકારક રસાયણથી ભરેલ ખાનગી ટેન્કર નં. NL-01-AA7477 સચીન પોલીસ સ્ટેશનમાં જમા છે.

સદર ઘટના સંપુર્ણ રીતે ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ(GPCB)ના કાર્યક્ષેત્રમાં આવતી હોય–ગંભીર બાબત હોય સત્વરે સદર ટેન્કરનો કબજો હાથ લઈ કસુરવાર સામે કડક શિક્ષાત્મક નકકર કાર્યવાહી કરવા / પર્યાવરણલક્ષી ગુનો નોંધી જરૂરી કાયદેસરના પગલા લેવા માટે સુરત મહાનગરપાલિકા ધ્વારા ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (GPCB)ને અનુરોધ કરવામાં આવેલ છે. આ પ્રકારની ઘટનાઓ અટકાવવા માટે કાયમી વોચ રાખવા અંગેની વ્યવસ્થા ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોડ(GPCB)ના સહયોગથી ટુંક સમયમાં ઉભી કરવામાં આવનાર છે. તથા આવા ઈસમો– ટ્રાન્સપોર્ટરોને કડકમાં કડક સજા થાય તે મુજબની વ્યવસ્થા ઉભી કરવામાં આવી રહયુ છે.

જનસંપર્ક વિભાગ

સમાચાર યાદી નં.૫૫૭ ,તા.૦૩/૧૨/૨૦૧૯

# :: પ્રેસનોટ ::

**"મેયર્સ કપ ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૯"**

વિષય : સુરત મહાનગરપાલિકા આયોજીત તા.૧૧/૧૨/૨૦૧૯ થી તા.૧૩/૧૨/૨૦૧૯ દરમ્યાન "મેયર્સ કપ ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૯" બાબત.

સુરત શહેરના ચુંટાયેલા પ્રતિનિધિશ્રીઓ, વહીવટી પાંખના અધિકારીશ્રીઓ અને પત્રકારશ્રીઓ વચ્ચે સામંજસ્ય, સહકારીતા અને સુમેળનો માહોલ સર્જાય તે માટે સુરત મહાનગરપાલિકા દ્વારા સુરત મહાનગરપાલિકાની ચુંટાયેલી પાંખ, વહીવટી પાંખ, સુરત શહેર પત્રકાર સંઘ ટીમ, એસ.એમ.સી. પ્રેસ રિર્પોટર ટીમ, રીજીયોનલ ચેનલ રિર્પોટર ટીમ, સુરત પ્રેસ ફોટોગ્રાફર ટીમ, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ટીમ, સુરત શહેર કેમેરામેન ટીમ અને પ્રેસ કલબ ઓફ એસએમસી વચ્ચે "મેયર્સ કપ ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૯"નું આયોજન તા.૧૧/૧૨/૨૦૧૯ થી તા.૧૩/૧૨/૨૦૧૯ દરમ્યાન બી. જે. પટેલ ક્રિકેટ ગ્રાઉન્ડ, ભીમરાડ, તથા ભરથાણા કોલેજ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવેલ છે. તા.૧૧/૧૨/૨૦૧૯ને બુધવારના રોજ સવારે ૮.૩૦ કલાકે સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ અને ઉચ્ચ અધિકારીશ્રીઓ ટોસ ઉછાળી ક્રિકેટ મેચનો શુભારંભ કરાવશે. પ્રથમ મેચ મેયર્સ ટીમ અને પ્રેસ ફોટો ગ્રાફર ટીમ વચ્ચે યોજાશે. આ ટુર્નામેન્ટમાં તા.૧૧ થી ૧૩ ડિસેમ્બર ૨૦૧૯ દરમ્યાન નીચે મુજબની મેચો રમાનાર છે.

<table>
<tr><th>તારીખ</th><th>સમય સવારે ૦૮:૩૦ કલાક</th><th>સમય સવારે ૧૧:૩૦ કલાક</th></tr>
<tr><td colspan="3">બી. જે. પટેલ ક્રિકેટ ગ્રાઉન્ડ, ભીમરાડ ખાતે રમાનાર ક્રિકેટ મેચ</td></tr>
<tr><td>૧૧/૧૨/૨૦૧૯</td><td>મેયર ટીમ<br>VS<br>પ્રેસ ફોટો ગ્રાફર ટીમ</td><td>પત્રકાર સંઘ ટીમ<br>VS<br>એસ.એમ.સી. પ્રેસ રિપોર્ટર ટીમ</td></tr>
<tr><td colspan="3">ભરથાણા કોલેજ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે રમાનાર ક્રિકેટ મેચ</td></tr>
<tr><td>૧૧/૧૨/૨૦૧૯</td><td>એસ.એમ.સી. પ્રેસ કલબ ટીમ<br>VS<br>નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ટીમ</td><td>ચેનલ કેમેરા મેન ટીમ<br>VS<br>રીજીયોનલ ચેનલ ટીમ</td></tr>
<tr><td>૧૨/૧૨/૨૦૧૯<br>સવારે ૦૮:૩૦ કલાક (ભરથાણા કોલેજ ક્રિકેટ ગ્રાઉન્ડ)</td><td colspan="2">તા.૧૧/૧૨/૨૦૧૯ના રોજની સવારે ૧૧:૩૦ કલાકની ભરથાણા ગ્રાઉન્ડની વિજેતા ટીમ<br>VS<br>કમિશ્નર ટીમ</td></tr>
<tr><td colspan="3">બી. જે. પટેલ ક્રિકેટ ગ્રાઉન્ડ, ભીમરાડ ખાતે રમાનાર ક્રિકેટ મેચ</td></tr>
<tr><td>તારીખ</td><td>સમય સવારે ૦૮:૩૦ કલાક</td><td>સમય સવારે ૧૧:૩૦ કલાક</td></tr>
<tr><td>૧૨/૧૨/૨૦૧૯</td><td>તા.૧૧/૧૨/૨૦૧૯ના રોજની સવારે ૮.૩૦ કલાકની મેચની વિજેતા ટીમ<br>VS<br>તા.૧૧/૧૨/૨૦૧૯ના રોજની સવારે ૧૧:૩૦ કલાકની મેચની વિજેતા ટીમ</td><td>તા.૧૧/૧૨/૨૦૧૯ના રોજની સવારે ૮:૩૦ કલાકની ભરથાણા ગ્રાઉન્ડની વિજેતા ટીમ<br>VS<br>તા.૧૨/૧૨/૨૦૧૯ના રોજની સવારે ૮:૩૦ કલાકની ભરથાણા ગ્રાઉન્ડની વિજેતા ટીમ</td></tr>
<tr><td>૧૩/૧૨/૨૦૧૯</td><td colspan="2"><u>ફાયનલ મેચ</u><br>તા.૧૨/૧૨/૨૦૧૯ના રોજની સવારે ૮.૩૦ કલાકની મેચની વિજેતા ટીમ<br>VS<br>તા.૧૨/૧૨/૨૦૧૯ના રોજની સવારે ૧૧:૩૦ કલાકની મેચની વિજેતા ટીમ</td></tr>
</table>

"મેયર્સ કપ ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૯"ની ઉપરોકત મેચો નિહાળવા જાહેર જનતાને નિમંત્રણ છે.


સમાચાર યાદી નં. ૫૫૮, તા.૦૫/૧૨/૨૦૧૯, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

**પ્રાણી સંગ્રહાલય સરથાણા નેચરપાર્ક ખાતે હિપોએ સ્વસ્થ બચ્ચાને જન્મ આપેલ.**

સુરત મહાનગરપાલિકા સંચાલિત ડૉ.શ્યામા પ્રસાદ ઝુ લોજીકલ ગાર્ડન, સરથાણા નેચરપાર્ક કમ પ્રાણી સંગ્રહાલય ખાતે ૩ નંગ હિપોપોટેમસ રાખવામાં આવેલ છે પૈકી માદા હિપોપોટેમસ અને નર હિપો નામે મોલુનું સફળ સમાગમ થતાં માદા હિપો નામે મીના ગર્ભવતી બનેલ અને આઠ મહિનાના પ્રસર્વકાળ પૂર્ણ થતાં ૨૪૫ દિવસે સ્વસ્થ બચ્ચાને જન્મ આપેલ છે. આ તાજા જન્મ પામેલ મા અને બચ્ચને કોઈ પણ જાતની ખલેલની પહોંચે માટે એક અલાયદી પાંજરામાં રાખવામાં આવેલ છે. આ બન્ને જાનવરોના સ્વાસ્થની દરરોજની દેખરેખ માટે વેટનરી ઓફિસર અને સંબંધિત ઝુ કિપર સતત નજર રાખી રહેલ છે. જે પ્રાણી સંગ્રહાલયે એક અખબારી યાદીમાં જણાવેલ છે.



સમાચારયાદી નં. 559
તા. ૫/૧૨/૨૦૧૯
જનસંપર્ક વિભાગ,
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

# પ્રેસનોટ

## સેન્ટ્રલ ઝોન
## સુરત મહાનગરપાલિકા

**સેન્ટ્રલ ઝોનમાં ઘનિષ્ઠ દબાણ હટાવ ઝુંબેશ :–**

સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ચીફ/ડે.કમિશ્નરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રી ની સીધી સુચના અને માર્ગદર્શન હેઠળ સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોનમાં હાલનાં સમયગાળા દરમ્યાન વિવિધ વિસ્તારોમાં વર્ષો જુના દબાણો હટાવવાની ઝુબેશો ઘનિષ્ઠ રીતે ચાલી રહી છે. સેન્ટ્રલ ઝોનમાં વસ્તીની ગીચતા તેમજ સાંકડા રસ્તાઓ ઉપર વર્ષોથી ફેરીયાઓ/વેપારીઓ ધ્વારા વિવિધ પ્રકારનાં દબાણો કરવામાં આવતાં રહે છે. જેને કારણે અત્રેથી સતત આ પ્રકારનાં દબાણો હટાવવામાં પણ આવે છે. આ દબાણોને કારણે રાહદારીઓ તથા આસપાસ વસવાટકર્તાઓને ઘણી અગવડતા પડે છે. આજ રોજ આવાજ પ્રકારનાં દબાણ હટાવવાની ઘનિષ્ઠ ઝુંબેશ નવસારી બજાર રોડથી ખ્વાજા દાના દરગાહ નવા રોડ સુધી હાથ ધરવામાં આવેલ. જે અન્વયે કુલ–૩૫ કાટપીટીયાનાં સામન, લારી, ગલ્લા તથા અન્ય સામાન જપ્ત કરી જમા લેવામાં આવેલ છે. સદર ઝુંબેશ થકી સમગ્ર રોડ પરનાં દબાણો હટાવી રસ્તો રાહદારીઓ તેમજ આજુબાજુ વસવાટ કરનારાઓ માટે ખુલ્લો કરી સુગમતા કરવામાં આવેલ છે. ભવિષ્યમાં આ વિસ્તાર તથા સેન્ટ્રલ ઝોનનાં વિવિધ વિસ્તારોમાં પોલીસ ડિપાર્ટમેન્ટ તથા ટ્રાફિક પોલીસ વિભાગ સાથે સંબલન આદરી ઘનિષ્ઠ પ્રકારની ઝુંબેશો હાથ ધરવામાં આવશે.

સમગ્ર ઝુંબેશ દરમ્યાન કાર્યપાલક ઈજનેરશ્રી સ્થળ પર હાજર રહી તેમના નેતૃત્વ હેઠળ નીચે જણાવેલ સ્ટાફ તથા સાધન સામગ્રી ઉપસ્થિત રહે.

(૧) ડે.ઈજનેર–૦૩
(૨) જુની./આસી.ઈજનેર–૧૩
(૩) સુપરવાઈઝર/ટીએ–૧૭
(૪) ટ્રક–૧૦
(૫) જે.સી.બી.–૦૨
(૬) બેલદાર–૭૬
(૭) સીકયુરીટી સ્ટાફ–૧૦

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં.૫૬૦
તા.૦૫/૧૨/૨૦૧૯

-:: પ્રેસનોટ ::-

મા. મ્યુ. કમિશ્નરશ્રી અને મા. ડે.મ્યુ. કમિશ્નરશ્રીની સુચના અન્વયે સુરત શહેરમાં આગ અકસ્માતનાં બનાવમાં કમી આવે તે અર્થે ફાયર અને ઈમરજન્સી વિભાગ ધ્વારા શહેરનાં વિવિધ વિસ્તારમાં નીચે મુજબની કાર્યવાહી હાથ કરવામાં આવેલ.

**૧ સ્કુલ ઈમારતોમાં અપુરતી ફાયર સેફટીની સુવિધાનાં કારણે સીલ કરેલ**

- ઉધના ઝોનમાં આવેલ શૈશવ ઈંગ્લિશ મીડીયમ સ્કુલને અપુરતી પુરતી ફાયર સેફટીની સુવિધા હોય જેથી જાહેર સલામતીને ધ્યાને લેતા સીલીગ કરવામાં આવેલ છે.
- ઉધના ઝોનમાં આવેલ જવાહર ઈંગ્લિશ મીડીયમ સ્કુલને અપુરતી પુરતી ફાયર સેફટીની સુવિધા હોય જેથી જાહેર સલામતીને ધ્યાને લેતા સીલીગ કરવામાં આવેલ છે.
- ઉધના ઝોનમાં આવેલ ખ્યાતી ઈંગ્લિશ મીડીયમ સ્કુલને અપુરતી પુરતી ફાયર સેફટીની સુવિધા હોય જેથી જાહેર સલામતીને ધ્યાને લેતા સીલીગ કરવામાં આવેલ છે.
- ઉધના ઝોનમાં આવેલ શ્રી છત્રપતિ શિવાજી મરાઠા, હાયર સેકન્ડરી સ્કુલને અપુરતી પુરતી ફાયર સેફટીની સુવિધા હોય જેથી જાહેર સલામતીને ધ્યાને લેતા સીલીગ કરવામાં આવેલ છે.

**૨ સુરત ફાયર વિભાગ ધ્વારા ફાયર સેફટીનો ડેમો /તાલીમ આપવામાં આવેલ તેની વિગત.**

- ટી.એમ. પટેલ ઈન્ટરનેશનલ સ્કુલ,પીપલોદરોડ વેસુનાં ૧૯૩ વિદ્યાર્થી અને ૧૬ શિક્ષકને ફાયર સેફટીની તાલીમ આપવામાં આવેલ.
- પ્રિતમલાલ મજુમદાર પ્રાથમિક નગરપ્રાથમિક સ્કુલ નં. ૧૫૧, હોડી ચકલા ,અડાજણનાં ૨૪૩ વિદ્યાર્થી અને ૦૯ શિક્ષકને ફાયર સેફટીની તાલીમ આપવામાં આવેલ.
- **ઉપરોક્ત કામગીરી જાહેર સલામતીને ધ્યાને લઈને કરવામાં આવેલ છે.**

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં...૫૬૧.........
તા.૦૫ /૧૨ /૨૦૧૯

# <u>પ્રેસનોટ</u>

સેન્ટ્રલ ઝોન
સુરત મહાનગરપાલિકા

## <u>સેન્ટ્રલ ઝોનમાં ઘનિષ્ઠ દબાણ હટાવ ઝુંબેશ</u> :–

સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ચીફ/ડે.કમિશનરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રી ની સીધી સુચના અને માર્ગદર્શન હેઠળ સુરત મહાનગરપાલિકાના હાલનાં સેન્ટ્રલ ઝોનનાં વિવિધ વિસ્તારોમાં લાંબા સમયથી રસ્તાઓ પરનાં સ્થાપિત દબાણો હટાવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. જે અંતર્ગત આજરોજ સેન્ટ્રલ ઝોનનાં કાર્યપાલક ઈજનેરશ્રી ડી.એન.બસાક સાહેબની હાજરી તેમજ નેતૃત્વ હેઠળ રીંગરોડ વિસ્તારમાં આવેલ રતન થીયેટર, રૂપમ થીયેટર, એલ.બી.એપાર્ટમેન્ટની આજુબાજુનાં વિસ્તારમાં ટ્રાફિક પોલીસનાં સંકલનમાં દબાણો હટાવવાની ઘનિષ્ઠ ઝુંબેશ આંદરવામાં આવેલ.

જે અંતર્ગત નીચે મુજબનાં દબાણો જપ્ત કરવામાં આવેલ.

(૧) ખુલ્લી લારી–૦૪

(૨) બંધ લારી– ૨૨

(૩) પરચુરણ સામગ્રી–૩ ટ્રક

સદર ઝુંબેશ દરમ્યાન કાર્યપાલક ઈજનેરશ્રી ઉપરાંત સેન્ટ્રલ ઝોનનાં

(૧) ડે.ઈજનેર–૦૪
(૨) જુની./આસી.ઈજનેર–૦૬
(૩) સુપરવાંઈઝર/ટીએ–૦૪
(૪) બેલદાર–૨૫

તેમજ ટ્રાફિક વિભાગ તરફથી

(૧) પી.આઈ–૦૧
(૨) પી.એસ.આઈ.–૦૧
(૩) હેડ કોન્સ્ટેબલ–૦૧
(૪) રાઈટર–૦૧
(૫) ટી.આર.બી.–૦૪
(૬) ટ્રાફિક પોલીસ ક્રેઈન–૦૨ નંગ

ભવિષ્યમાં આજ પ્રકારે ટ્રાફિક પોલીસ તેમજ પોલીસ ડીપાર્ટમેન્ટનાં સંકલનમાં સેન્ટ્રલ ઝોનમાં આવેલ વર્ષો જુનાં દબાણો હટાવવાની ઘનિષ્ઠ ઝુંબેશો હાથ ધરવામાં આવનાર છે. સદર ઝુંબેશ દરમ્યાન સ્થાનિક નાગરીકોનો પણ સાથ – સહકાર મળી રહયો છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ....૫૬૨............
તા.૦૬/૧૨/૨૦૧૯

# પ્રેસનોટ

**પાંડેસરા ગુજરાત હાઉસીંગ બોર્ડમાં દબાણ દુર કર્યાની વિગત :–**

આજ રોજ સાઉથ ઝોન (ઉધના) માં સમાવિષ્ટ પાંડેસરા ગુજરાત હાઉસીગ બોર્ડ ખાતે આવેલ વેજીટેબલ માર્કેટ વિસ્તારને લાગુ રસ્તા પર દબાણો દુર કરવાની કામગીરી એડી.સીટી ઈજનેરશ્રી તથા ઝોનલ ચીફ તેમજ કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના તેમજ માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવેલ.જેની વિગત નીચે મુજબ છે.

સાઉથ ઝોન (ઉધના) માં સમાવિષ્ટ પાંડેસરા ગુજરાત હાઉસીગ બોર્ડ ખાતે આવેલ વેજીટેબલ માર્કેટ વિસ્તારને લાગુ રસ્તા પર લારી–ગલ્લા, પાથરણાવાળા ધ્વારા દબાણ કરી રાહદારીઓને પડતી મુશ્કેલીઓના નિરાકરણ હેતુસર આજરોજ સાઉથ ઝોન (ઉધના) ના તમામ શહેર વિકાસ, દબાણ સહિતના તમામ ટેકનીકલ સ્ટાફ અને વાહનો માર્શલ તથા સિક્યોરીટી સ્ટાફ સાથે દબાણ હટાવવાની ઝુંબેશ કરવામાં આવેલ. જે કામગીરી અન્વયે છત્રપતી શિવાજી વેજીટેબલ માર્કેટના આજુબાજુના રસ્તા પરથી દબાણ હટાવવાની કામગીરી કરવામાં આવેલ છે. જે દરમ્યાન દુકાનદારો પાથરણાવાળા ધ્વારા વિરોધ કરવામાં આવતા ૧૦૦ નંબર ડાયલ કરીને પોલીસ બોલાવવામાં આવેલ હતી. તથા પોલીસ પ્રોટેકશન હેઠળ લારી–ગલ્લા તથા પાથરણાના દબાણ દુર કરવામાં આવેલ હતા.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં.૫૬૩
તા.૦૬/૧૨/૨૦૧૯

# પ્રેસનોટ

# નોર્થઝોન (કતારગામ)

# સુરત મહાનગરપાલિકા,સુરત.

આજ રોજ તા.૦૭/૧૨/૨૦૧૯ નાં રોજ નોર્થઝોન(કતારગામ) ખાતે રાખવામાં આવેલ "સેવા સેતુ કાર્યક્રમ"માં વી.બી.ડી.સી વિભાગ ધ્વારા "માસ ડ્રાય ડે કેમ્પ્ઈન" અંર્તગત ડેન્ગ્યુ રોગની અટકાયત માટે મચ્છરની ઉત્પતિ રોકવા અને માહિતીગાર કરવા તેમજ તેઓએ લેવાજોગ પગલાં અંગે સમજ કેળવાય તે માટે જનજાગૃતિ અભિયાનના ભાગરૂપે મચ્છર ઉત્પતિ સ્થાનોનું લાઈવ ડેમોસ્ટ્રેશન, પેમ્ફલેટ વિતરણની કામગીરી કરવામાં આવેલ છે.સદર કાર્યક્રમમાં આવેલ પદ અધિકારી/અધિકારી, સામાજીક કાર્યકરો તેમજ સેવા સેતુ કાર્યક્રમમાં આવેલ યોજનાકીય લાભાર્થીઓએ પણ વી.બી.ડી.સી. સ્ટોલની મુલાકાત લીધેલ હતી. આ ઉપરાંત નોર્થઝોન(કતારગામ)નાં વી.બી.ડી.સી.વિભાગના કતારગામ યુનિટનાં સંત જલારામ સોસા.,સિંગણપોર યુનિટનાં આનંદપાર્ક સોસા.,ગાયત્રી ડેપો યુનિટનાં મગનભાઈની વાડી–કાંસાનગર,અમરોલી યુનિટનાં દેવીકૃપા સોસા.,કોસાડ યુનિટનાં બિલ્ડીંગ નં.૩૧૭ આવાસ એચ–૪ માં લાઈવ ડેમોસ્ટ્રેશનનું આયોજન કરી સામાજિક કાર્યકરોની ઉપસ્થિતીમાં અંદાજીત ૨૦૮૭૧ જેટલી જાહેર જનતા એ મચ્છરની ઉત્પતિ સ્થાનોનું લાઈવ ડેમોસ્ટ્રેશન બતાવી મચ્છરજન્ય રોગો વિશે માહિતગાર કરવામાં આવેલ હતા.

નોર્થઝોન(કતારગામ) વિસ્તારમાં ડ્રાય ડે કેમ્પ્ઈનનાં અનુસંધાનમાં કુલ ૨૧૬૮૦ ઘર સર્વે કરી ૪૧૮૮૭ પાત્રો તપાસી ૪૯ જગ્યા ઉપર મચ્છરનાં બ્રિડીંગ મળી આવેલ હતા જેનો સ્થળ પર જ નાશ કરવવામાં આવેલ હતો. બ્રિડીંગ મળેલ ઘરોમાંથી ૧૮ ઈસમો પાસેથી ૧૪૩૦૦/–રૂા. વહીવટી ખર્ચ વસુલાત કરવામાં આવેલ છે અને ૨૨ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નંબર :૫૬૪
તા. ૦૭/૧૨/૨૦૧૯

# <u>પ્રેસનોટ</u>




'વિશ્વ એઈડ્સ દિન–૨૦૧૯' નિમિત્તે *''સમુદાય ધ્વારા બદલાવ''* થીમને યતાર્થ કરવાનાં હેતુથી સુરત મહાનગરપાલિકા સંચાલિત એસ.ટી. ડી. કેર પ્રોજેકટ આજરોજ તા.૦૭/૧૨/૨૦૧૯નાં રોજ બપોરે ૧૨.૦૦ કલાકે સુરત મહાનગરપાલિકાનાં નવા સ્ટેન્ડીંગ કમિટીનાં હોલ ખાતે મા. ડે. કમિશનરશ્રી (હે અને હો), આરોગ્ય અધિકારીશ્રી અને હેડ, પી.એસ.એમ. વિભાગ, ગર્વનમેન્ટ મેડીકલ કોલેજ, સુરતનાં વરદ હસ્તે એક ઈનામ વિતરણ સમારોહનું આોજન કરવામાં આવેલ જેમાં સુરત મહાનગરપાલિકાનાં હેલ્થ સેન્ટર ખાતે ફરજ બજાવતા સ્ટાફ પૈકી મેડીકલ ઓફીસર, લેબ. ટેકનીશીયન અને કાઉન્સેલરોને તેમની ઉત્કૃષ્ટ કામગીરીનાં ભાગરૂપે એસ.ટી.ડી., આઈ.સી.ટી.સી. અને પી.પી.ટી.સી.ટી. આમ ત્રણ કેટેગરીમાં અવોર્ડ આપવામાં આવ્યા હતા તેમજ સુરત શહેર ખાતે એઈડ્સ અટકાયત કામગીરીમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ભાગીદાર હોય તેવી સંસ્થાઓ જેવી કે આર.સી.એચ. વિભાગ, આર.એન.ટી.સી.પી. વિભાગ, આઈ.સી.ડી.એસ. વિભાગ, ડાપકુ, જી.એસ.એન.પી. પ્લસ, એ.આર.ટી. સેન્ટર સિવિલ અને સ્મીમેર વગેરેનાં પ્રતિનિધિઓને બેસ્ટ સપોર્ટ કેટેગરીનાં એવોર્ડ આપી સન્માન કરવામાં આવ્યુ હતુ જેમાં એસ.ટી.ડી.કેર પ્રોજેકટનાં સ્ટાફ સહિત વિવિધ સંસ્થાનાં ૫૦ જેટલા પ્રતિનિધિઓ હાજર રહયા હતા. આ કાર્યક્રમનું સંચાલન એસ.ટી.ડી.કેર પ્રોજેકટના ઈન્ચાર્જશ્રી ડો.એચ.કે.સોંધરવા ધ્વારા સફળતાપુર્વક કરવામાં આવેલ હતુ.

**સમાચાર યાદી નં. ૫૬૫, તા.૦૭/૧૨/૨૦૧૯, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.**

## સુરત મહાનગર પાલિકા
## વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી
## અખબારી યાદી

# સુરત મહાનગરપાલિકાના વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ દ્વારા માસ ડ્રાય ડે કેમ્પેઈન અંતર્ગત કરવામાં આવેલ કામગીરી

**મહાનગર પાલિકાના પદાધિકારીશ્રીઓ, સ્ટેન્ડીંગ સમિતિના ચેરમેનશ્રી, કોર્પોરેટરશ્રીઓ, તેમજ આરોગ્ય, ટેકનીકલ વિભાગનો સ્ટાફ મળી અંદાજે ૧૯૩૩ જેટલા કર્મચારીઓ જોડાયા તેમજ તમામ ઝોન ખાતે વિવિધ સ્થળો પર રૂબરૂ હાજર રહી, શાળાનાં વિદ્યાર્થીઓ તેમજ જાહેર જનતાને તેમના ઘરમાં મચ્છરોની ઉત્પતિ રોકવા શું કાળજી લેવી જોઈએ તેમજ મચ્છરો તથા બ્રિડીંગનું લાઈવ ડેમોન્સ્ટ્રેશન બતાવી વિગતે સમજ આપી હતીઃ–**

સુરત મહાનગરપાલિકાના વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા ડેન્ગ્યુ, ચિકુનગુનિયા, મેલેરિયા જેવા રોગ ફેલાવતા મચ્છરોનાં નિયંત્રણ માટે સમગ્ર શહેરમાં **"માસ ડ્રાય ડે કેમ્પેઈન"** નું આજરોજ આયોજન કરવામાં આવેલ હતું. જે અંતર્ગત ડેન્ગ્યુ તેમજ ચિકુનગુનિયા રોગ માટે હાઈરીસ્ક એવા સ્લમ વિસ્તારો, સ્લમલાઈક વિસ્તારો તથા સોસાયટીઓમાં લોકોને પોતાના ઘરોમાં ડેન્ગ્યુ, ચિકુનગુનિયા જેવા રોગો માટે જવાબદાર એડિસ મચ્છરો ની ઉત્પતિ અટકાવવા માટે પાણી ભરવાના પાત્રો જેવા કે **પીપ, કેરબા, ડ્રમ, પવાલી, ડોલ, મની પ્લાન્ટ, ફ્રીજની ટ્રે, એરકુલરની ટ્રે, પક્ષીકુંજ, ફૂલ–છોડનાં કુંડામાં ભરાય રહેલ વધારાનું પાણી તથા ફૂલ–છોડનાં કુંડાની નીચે મુકવામાં આવેલ ડીસ** વિગેરે દર શનિવારે સંપૂર્ણ ખાલી કરી પાત્રોની અંદરની સપાટીને કાથાની દોરી વડે ઘસી, સુકવીને ત્યારબાદ જ પાણી ભરે અને પાણી ભરવાના તમામ પાત્રો ઢાંકીને રાખવા સમજ આપવામાં આવી હતી.

આજરોજ તમામ ઝોનોમાં વીબીડીસી, આરોગ્યવિભાગ, ટેકનીકલ વિભાગ, કલેરીકલ વિભાગ ના તમામ સ્ટાફ દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વે, પેમ્ફલેટ વિતરણ,પોસ્ટરો,બેનરો દ્વારા લોકોમાં જનજાગૃતિ આવે તેમજ દર શનિવારે લોકો પોતાની જાતે જ ડ્રાય ડે અંતર્ગત ઘરના પાણી ભરવાના તમામ પાત્રો સાફ રાખે તથા ઢાંકીને રાખે તેવી ટેવ પડે લોકોમાં અવેરનેશ આવે તે માટે સમજ આપવામાં આવી હતી. આ કેમ્પેઈનમાં હાઉસ ટુ હાઉસ આરોગ્ય શિક્ષણ,લાઈવ ડેમોન્સ્ટ્રેશન ઘનિષ્ઠ રીતે કરવામાં આવેલ હતું. આજરોજ કુલ **૬૩૭** વિસ્તારોમાં **૧૨૮૩૫૩** ઘરો અને અંદાજિત **૬૪૧૭૬૫** વસ્તી આવરી લેવામાં આવેલ હતી. તેમજ **૫૮૦૦૦** વહીવટી ખર્ચ વસુલ કરેલ, લોકોને પોતાના ઘરમાં રહેલા એડિસ મચ્છરોના ઉત્પતિ સ્થાનો રૂબરૂ બતાવવામાં આવેલ હતા. કુલ **૬૮** સ્થળોએ મચ્છરના વિવિધ સ્ટેજ લાઈવ ડેમોન્સ્ટ્રેશનથી બતાવવામાં આવેલ હતા, જેમાં કુલ **૭૬૯૮૦** લોકો સામેલ થયા હતા અને આરોગ્ય શિક્ષણ મેળવ્યુ હતુ. આ કામગીરીમાં મહાનગર પાલિકાનાં અધિકારીશ્રીઓ/પદાધિકારીશ્રીઓ,જુદી જુદી સમિતિનાં ચેરમેનશ્રીઓ/કોર્પોરેટરશ્રીઓ તેમજ એન્જીનીયરીંગ તેમજ હેલ્થ વિભાગનાં અધિકારીશ્રીઓની

હાજરીમાં મચ્છરો, મચ્છરોના લાર્વા(પાણીપોરા) તથા પોરભક્ષક માછલીઓ નું લાઈવ ડેમોન્સ્ટ્રેશન તથા આરોગ્યલક્ષી શિક્ષણ આપવામાં આવ્યું હતું. આ ઝુંબેશમાં કતારગામ ઝોનમાં સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનશ્રી અનિલભાઈ ગોપલાણી વરાછા ઝોનમાં કોર્પોરેટર શ્રીભરતભાઈ મોનાભાઈ, સરથાણા ઝોનમાં કોર્પોરેટર શ્રીધીરૂભાઈ લાઠીયા તથા લિંબાયત ઝોનમાં કોર્પોરેટર શ્રીમતી કપિલાબેન તેમજ અન્ય કોર્પોરેટરો, સામાજિક કાર્યકરો સાથે જોડાયા હતા.

આજનાં ડ્રાય–ડે ઝુંબેશમાં સુરત મહાનગર પાલિકાનાં સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનશ્રી અનિલભાઈ ગોપલાણી, વિવિધ કમિટિનાં ચેરમેનશ્રીઓ તથા કોર્પોરેટરશ્રીઓ, મહાનગર પાલિકાનાં વિવિધ ઝોનનાં વડાશ્રીઓ ડે.કમિશનરશ્રીઓ, કાર્યપાલક ઈજનેરશ્રીઓ તેમજ એન્જીનીયરીંગ અને આરોગ્ય વિભાગનાં અધિકારીશ્રીઓ, આસી.જંતુનાશક અધિકારીશ્રીઓ, કલેરીકલ સ્ટાફ, **૨૯** સેનેટરી ઈન્સ્પેકટર, **૮૦** સેનેટરી સબ ઈન્સ્પેકટર, **૪૩૧** પ્રાયમરી હેલ્થ વર્કરો અને સર્વેલન્સ વર્કરો, **૬૭૦** મુકાદમો અને બેલદારો, **૫૨૭** સફાઈ કામદારો મળી કુલ **૧૯૩૩** જુદી–જુદી કેડરના કર્મચારીઓ જોડાયા હતા. આ કામગીરીનાં પ્રચાર–પ્રસાર માટે **૭૧** બેનરો, **૫૫૫૧૩** જેટલા પેમ્ફલેટનો ઉપયોગ કરવામાં આવ્યો તથા **૧૭૬૨** નકામા કંટેનરોનો નિકાલ કરવામાં આવ્યો.

**તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.**
**સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦**

જનસંપર્ક વિભાગ
સમાચાર યાદી નં. ૫૬૬
તા.૦૭–૧૨–૨૦૧૯







નવરંગ મિત્ર મંડળ આયોજીત
"દર રવિવારે ડ્રાય ડે"
ચાલો ભેગા મળી ડેન્ગ્યુ નાબુદ કરીએ




# પ્રેસનોટ

**સેન્ટ્રલ ઝોન**

**સુરત મહાનગરપાલિકા**

## સેન્ટ્રલ ઝોનમાં ઘનિષ્ઠ દબાણ હટાવ ઝુંબેશ :–

સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ચીફ/ડે.કમિશ્નરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રી ની સીધી સુચના અને માર્ગદર્શન હેઠળ સુરત મહાનગરપાલિકાના હાલનાં સેન્ટ્રલ ઝોનનાં વિવિધ વિસ્તારોમાં હાલના સમયગાળા દરમિયાન ટ્રાફિક પોલીસ, પોલીસ ડિપાર્ટમેન્ટ તથા સેન્ટ્રલ ઝોનના અરોગ્ય સ્ટાફના સંકલનમાં રહીને સાંકડા રસ્તાઓ ઉપર વેપારીઓ/ફેરીયાઓ ધ્વારા કરવામાં આવેલ વર્ષો જુના દબાણોને કારણે રાહદારીઓ તેમજ આસપાસ વસતા નાગરિકોને ઘણી અગવડતા પડતી આવેલ છે. જે અંતર્ગત કાર્યપાલક ઈજનેરશ્રી ડી.એન.બસાક સાહેબની સ્થળ ઉપર સીધી હાજરી તેમજ નેતૃત્વ હેઠળ ઘનિષ્ઠ ઝુંબેશો આદરવામાં આવી રહેલ છે. જે અંગે સ્થાનિક નાગરીકોનો ઘણો સહકાર સાપડી રહેલ છે. જે અંતર્ગત આજરોજ ફરી **નવસારી બજાર ચાર રસ્તા થી ન્યુ ખ્વાજા દાના રોડ** ઉપર વેપારીઓ/ફેરીયાઓ/કાટપીટીયાઓ ધ્વારા વર્ષોથી કાટમાળ/ભગારના દબાણ કરી અગવડતા ઉભી કરવામાં આવેલ હતી. સદર દબાણો આજરોજ ઘનિષ્ઠ ઝુંબેશ હાથ ધરી દુર કરવામાં આવેલ છે. આજરોજ કેટલાંક તોફાની તત્વો ધ્વારા સદર કામગીરીનો ઉગ્ર વિરોધ કરી વાદવિવાદ કરી/તગદીલી ઉભી કરી, અડચણ કરવાની કોશીશ કરવામાં આવેલ. પરંતુ સમજાવટ/પટાવટ ધ્વારા રસ્તા ઉપરનાં આ તમામ દબાણો દુર કરી રસ્તો રાહદારીઓ માટે ખુલ્લો કરવામાં આવેલ. જે થકી રસ્તે પસાર થતાં રાહદારીઓ તેમજ આસપાસ વસવાટકર્તાઓને ઘણી સુગમતા પ્રાપ્ત થયેલ છે. જે અંગે સ્થાનિક નાગરિકો ધ્વારા પણ સારો સહકાર મળેલ છે. વધુમાં મિલ્કતદારો ધ્વારા રસ્તા ઉપર કાચા–પાકા બાંધકામો કરી કોમર્શીયલ વપરાશ કરવામાં આવતો હતો. જે આવા આશરે ૨૫૦૦ ચો.ફુટ કાચા–પાકા બાંધકામો દુર કરવામાં આવેલ. સદર કામગીરી દરમ્યાન આરોગ્યનાં સ્ટાફ ધ્વારા દબાણો હટાવેલ જગ્યા પર ઘનિષ્ઠ તરીકે સાફ–સફાઈ કરી આરોગ્યલક્ષી સફાઈને લગતી કામગીરી પણ કરવામાં આવેલ છે.

સદર કામગીરી દરમ્યાન નીચે મુજબની સામગ્રી જપ્ત કરવામાં આવેલ છે.

(૧) ખુલ્લી લારી–૦૫ નંગ
(૨) બંધ લારી– ૦૭ નંગ
(૩) બિલ્ડીંગ મટીરીયલ્સ– ૦૬ ટ્રક (કપચી,ઈંટ/મેટલ)
(૪) પરચુરણ સામગ્રી–૪૧ ટ્રક (કાટમાળ/ભગાર વિગેરે)

સદર ઝુંબેશ દરમ્યાન કાર્યપાલક ઈજનેરશ્રીની સ્થળ ઉપર હાજરી સહિત નીચે જણાવેલ સ્ટાફ ઉપસ્થિત રહેલ.

(૧) કાર્યપાલક ઈજનેર–૦૧
(૨) ડે.ઈજનેર–૦૪
(૩) જુની./આસી.ઈજનેર–૧૦
(૪) સુપરવાઈઝર/ટીએ–૧૫
(૫) બેલદાર–૭૫
(૬) સીકયુરીટી સ્ટાફ–૦૭
(૭) જે.સી.બી.–૦૨
(૮) ટ્રક–૧૧

ભવિષ્યમાં આજ પ્રકારે ટ્રાફિક પોલીસ તેમજ પોલીસ ડીપાર્ટમેન્ટનાં સંકલનમાં સેન્ટ્રલ ઝોનમાં આવેલ વર્ષો જુનાં દબાણો હટાવવાની ઘનિષ્ઠ ઝુંબેશો હાથ ધરવામાં આવનાર છે.

જનસંપર્ક વિભાગ,સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર,સમાચાર યાદી નં. ૫૬૭,તા.૦૭/૧૨/૨૦૧૯

# સુરત મહાનગરપાલિકા

## યુ.સી.ડી. વિભાગ

## <u>અખબારી યાદી</u>

**વહીવટી ભવન, નોર્થઝોન (કતારગામ) ગજેરા સ્કુલની પાછળ,રામજીકૃપા રો–હાઉસની બાજુમાં કતારગામ–સુરત મહાનગરપાલિકા દ્વારા 'સેવાસેતુ' કાર્યક્રમનુ આયોજન કરવામાં આવેલ.**

રાજય સરકારશ્રી દ્વારા અમલીકૃત અનેકવિધ લોકઉપયોગી યોજનાઓ પ્રવૃતિઓ તથા વહિવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનો ન્યાયીક ચોકકસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજયના વહિવટમાં પારદર્શીતા વધે તે હેતુથી નાગરીકોની વ્યકિતલક્ષી યોજનાઓ સંલગ્ન વિભાગો દ્વારા સ્થળ ઉપર જ ઉકેલ લાવી શકાય તે હેતુસર ***તા.૦૭/૧૨/૨૦૧૯ ના રોજ*** સવારે ૦૯:૦૦ થી ૦૫:૦૦ કલાક દરમ્યાન **વહીવટી ભવન, નોર્થઝોન (કતારગામ) ગજેરા સ્કુલની પાછળ,રામજીકૃપા રો–હાઉસની બાજુમાં કતારગામ–*સુરત*** ખાતે સુરત મહાનગરપાલિકા દ્વારા 'સેવાસેતુ' કાર્યક્રમનુ આયોજન કરવામાં આવેલ હતુ.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે સેવાસેતુ કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવેલ. આ કાર્યક્રમમાં પ્રાસંગીક ઉદબોધન કરતા સ્ટેર્નડીંગ કમિટિ ચેરમેનશ્રી અનિલભાઈ ગોપલાણી ધ્વારા જણાવવામાં આવ્યુ કે લોકો માટે નરેન્દ્રભાઈની સરકારે સિંગલ વિન્ડો સીસ્ટમની શરૂઆત કરેલ છે. જેમાં લાભ લેવા લાભાર્થીઓએ જરૂરી દસ્તાવેજો સાથે લઈને આવવા જણાવેલ છે. જે કરીને વધારે લોકો તેનો લાભ લઈ શકે છે. સ્વાગત પ્રવચનમાં નગરનિયોજન સમિતિના અધ્યક્ષશ્રી રમેશભાઈ ઉકાણી ધ્વારા પણ વધારે લોકો સેવાસેતુ કાર્યક્રમનો લાભ લઈ શકે તેવું જણાવવામાં આવ્યુ. આજનો સમય બદલાયો છે,કે સરકારશ્રીની યોજનાઓના લાભ,પ્રમાણપત્ર,સર્ટી,કાર્ડ વગેરે મેળવવા સરકારી વિભાગો સુધી જવુ પડતુ નથી પરંતુ સેવાસેતુ કાર્યક્રમ ધ્વારા લોકોનો સમય બચી રહે છે અને લોકોને સરળતાથી લાભ પ્રાપ્ત કરી રહયા છે.આ કાર્યક્રમને ઉત્સવ ગણીને લોકોએ વધુમાં વધુ લોકો લાભ મેળવે એવી આશા વ્યકત કરી.

આ સેવાસેતુ કાર્યક્રમમાં વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, વિવિધ વોર્ડના મ્યુ. સદસ્યશ્રીઓ તથા સુરત મહાનગરપાલિકાના અધિકારીઓએ ઉપસ્થિત રહી લાભાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.સદર સેવાસેતુ કાર્યક્રમની આભારવિધિ મ્યુ. સદસ્ય શ્રીમતી અનિતાબેન દેસાઈ ધ્વારા કરવામાં આવેલ હતી.

સેવાસેતુ કાર્યક્રમમાં વિવિધ વિભાગો જે કે મહેસુલ વિભાગ, સમાજ કલ્યાણ વિભાગ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સીટી સર્વે સુપ્રીટેન્ડન્ટ, સમાજ સુરક્ષા વિભાગ, પુરવઠા વિભાગ તથા સુરત મહાનગર પાલીકાના ગુમાસ્તા વિભાગ, વ્યવસાય વેરા વિભાગ, આકારણી/વસુલાત/પ્રોપર્ટી ટેક્ષ વિભાગ, આર.સી.એચ. વિભાગ, વિવિધ બેંકો, શ્રમિક કલ્યાણ બોર્ડ, આરટીઓ, વગેરે દ્વારા દિવસ દરમ્યાન કુલ **2975** લાભાર્થીઓએ આવકનો દાખલો, ક્રિમીલેયર સર્ટી., પંચનામાં, ધાર્મિક લઘુમતિ પ્રમાણપત્ર, વિધવા સહાય, વૃધ્ધ સહાય, જાતિના દાખલા, બાજપાઈ બેંકેબલ યોજના, માનવ કલ્યાણ યોજના, દિવ્યાંગ સર્ટી., મા વાત્સલ્ય કાર્ડ, મા અમૃતમ કાર્ડ જેવી વિવિધ રજુઆતોનો સ્થળ પર નિકાલનો લાભ મેળવેલ. તે સંદર્ભે લોકો પણ ઘણી પ્રસન્નતાની લાગણી વ્યકત કરતા જોવા મળ્યા તેમજ એકજ સ્થળ પરથી રજુઆતોના નિકાલ માટેના આ 'સેવાસેતુ' કાર્યક્રમના આયોજન, વિસ્તારના રહીશો દ્વારા ખુબ જ પ્રેરક પ્રતિસાદ મળેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા
સમાચાર યાદી નં. ૫૬૮
તા. ૦૭/૧૨/૨૦૧૯




સુરત



# :: પ્રેસનોટ ::

## "મેયર્સ કપ ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૯"

વિષય : સુરત મહાનગરપાલિકા આયોજીત તા.૧૧/૧૨/૨૦૧૯ થી તા.૧૩/૧૨/૨૦૧૯ દરમ્યાન "મેયર્સ કપ ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૯" બાબત.

સુરત શહેરના ચુંટાયેલા પ્રતિનિધિશ્રીઓ, વહીવટી પાંખના અધિકારીશ્રીઓ અને પત્રકારશ્રીઓ વચ્ચે સામંજસ્ય, સહકારીતા અને સુમેળનો માહોલ સર્જાય તે માટે સુરત મહાનગરપાલિકા દ્વારા સુરત મહાનગરપાલિકાની ચુંટાયેલી પાંખ, વહીવટી પાંખ, સુરત શહેર પત્રકાર સંઘ ટીમ, એસ.એમ.સી. પ્રેસ રિપોર્ટર ટીમ, રીજીયોનલ ચેનલ રિપોર્ટર ટીમ, સુરત પ્રેસ ફોટોગ્રાફર ટીમ, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ટીમ, સુરત શહેર કેમેરામેન ટીમ અને પ્રેસ કલબ ઓફ એસએમસી વચ્ચે "મેયર્સ કપ ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૯"નું આયોજન તા.૧૧/૧૨/૨૦૧૯ થી તા.૧૩/૧૨/૨૦૧૯ દરમ્યાન બી. જે. પટેલ ક્રિકેટ ગ્રાઉન્ડ, ભીમરાડ, તથા ભરથાણા કોલેજ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવેલ છે. તા.૧૧/૧૨/૨૦૧૯ને બુધવારના રોજ સવારે ૮.૩૦ કલાકે સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ અને ઉચ્ચ અધિકારીશ્રીઓ ટોસ ઉછાળી ક્રિકેટ મેચનો શુભારંભ કરાવશે. પ્રથમ મેચ મેયર્સ ટીમ અને પ્રેસ ફોટો ગ્રાફર ટીમ વચ્ચે યોજાશે. આ ટુર્નામેન્ટમાં તા.૧૧ થી ૧૩ ડિસેમ્બર ૨૦૧૯ દરમ્યાન નીચે મુજબની મેચો રમાનાર છે.

<table>
<tr><th>તારીખ</th><th>સમય સવારે ૦૮:૩૦ કલાક</th><th>સમય સવારે ૧૧:૩૦ કલાક</th></tr>
<tr><td colspan="3">બી. જે. પટેલ ક્રિકેટ ગ્રાઉન્ડ, ભીમરાડ ખાતે રમાનાર ક્રિકેટ મેચ</td></tr>
<tr><td>૧૧/૧૨/૨૦૧૯</td><td>મેયર ટીમ<br>VS<br>પ્રેસ ફોટો ગ્રાફર ટીમ</td><td>પત્રકાર સંઘ ટીમ<br>VS<br>એસ.એમ.સી. પ્રેસ રિપોર્ટર ટીમ</td></tr>
<tr><td colspan="3">ભરથાણા કોલેજ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે રમાનાર ક્રિકેટ મેચ</td></tr>
<tr><td>૧૧/૧૨/૨૦૧૯</td><td>એસ.એમ.સી. પ્રેસ કલબ ટીમ<br>VS<br>નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ટીમ</td><td>ચેનલ કેમેરા મેન ટીમ<br>VS<br>રીજીયોનલ ચેનલ ટીમ</td></tr>
<tr><td>૧૨/૧૨/૨૦૧૯<br>સવારે ૦૮:૩૦ કલાક<br>(ભરથાણા કોલેજ ક્રિકેટ ગ્રાઉન્ડ)</td><td colspan="2">તા.૧૧/૧૨/૨૦૧૯ના રોજની સવારે ૧૧:૩૦ કલાકની ભરથાણા ગ્રાઉન્ડની વિજેતા ટીમ<br>VS<br>કમિશ્નર ટીમ</td></tr>
<tr><td colspan="3">બી. જે. પટેલ ક્રિકેટ ગ્રાઉન્ડ, ભીમરાડ ખાતે રમાનાર ક્રિકેટ મેચ</td></tr>
<tr><td>તારીખ</td><td>સમય સવારે ૦૮:૩૦ કલાક</td><td>સમય સવારે ૧૧:૩૦ કલાક</td></tr>
<tr><td>૧૨/૧૨/૨૦૧૯</td><td>તા.૧૧/૧૨/૨૦૧૯ના રોજની સવારે ૮.૩૦ કલાકની મેચની વિજેતા ટીમ<br>VS<br>તા.૧૧/૧૨/૨૦૧૯ના રોજની સવારે ૧૧:૩૦ કલાકની મેચની વિજેતા ટીમ</td><td>તા.૧૧/૧૨/૨૦૧૯ના રોજની સવારે ૮:૩૦ કલાકની ભરથાણા ગ્રાઉન્ડની વિજેતા ટીમ<br>VS<br>તા.૧૨/૧૨/૨૦૧૯ના રોજની સવારે ૮:૩૦ કલાકની ભરથાણા ગ્રાઉન્ડની વિજેતા ટીમ</td></tr>
<tr><td>૧૩/૧૨/૨૦૧૯</td><td colspan="2"><u>ફાયનલ મેચ</u><br>તા.૧૨/૧૨/૨૦૧૯ના રોજની સવારે ૮.૩૦ કલાકની મેચની વિજેતા ટીમ<br>VS<br>તા.૧૨/૧૨/૨૦૧૯ના રોજની સવારે ૧૧:૩૦ કલાકની મેચની વિજેતા ટીમ</td></tr>
</table>

"મેયર્સ કપ ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૯"ની ઉપરોકત મેચો નિહાળવા જાહેર જનતાને નિમંત્રણ છે.

સમાચાર યાદી નં. ૫૬૯ , તા. /૧૨/૨૦૧૯, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

# <u>પ્રેસનોટ</u>

**સેન્ટ્રલ ઝોન**

**સુરત મહાનગરપાલિકા**

## <u>સેન્ટ્રલ ઝોનમાં ઘનિષ્ઠ દબાણ હટાવ ઝુંબેશ</u> :–

<u>દબા</u>

સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ચીફ/ડે.કમિશ્નરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રી ની સીધી સુચના અને માર્ગદર્શન હેઠળ સુરત મહાનગરપાલિકાના હાલનાં સેન્ટ્રલ ઝોનનાં હાલના સમયગાળા દરમિયાન વિવિધ વિસ્તારોમાં વર્ષો જુના દબાણો હટાવવાની ઝુંબેશો કાર્યરત છે. હાલમાં રોજ અલગ–અલગ વિસ્તારમાં દબાણ હટાવવાની ઝુંબેશ કરવામાં આવે છે. સેન્ટ્રલ ઝોનનો વિસ્તાર મર્યાદિત અને સૌથી જુનો હોવાને કારણે વસ્તીની ગીચતા પુષ્કળ પ્રમાણમાં હોય છે. સાંકડા રસ્તાઓને કારણે આમ પણ ટ્રાફિકની ગીચતા વધુ રહે છે. જેમા વર્ષોથી વેપારીઓ/દુકાનદારો/ શાકભાજીની લારી/પાથરણાવાળાઓ ધ્વારા રસ્તા ઉપર દબાણ કરી વેચાણ/વેપાર કરવામાં આવે છે. જેથી પહેલેથી ટ્રાફિક અંગે ગીચ તથા સાકડા રસ્તાઓ ઉપર વાહન વ્યવહારમાં અતિશય અગવડતા પડે છે. જેને કારણે અકસ્માતોનો ભય પણ સર્જાય છે. આજરોજ સેન્ટ્રલ ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રી ડી.એન.બસાક સાહેબની સ્થળ ઉપર હાજરી તેમજ સીધા નેતૃત્વ હેઠળ **મોતી ટોકીઝની આજુબાજુનો વિસ્તાર, ગણેશ આમલેટ સેન્ટર,બેગમપુરા દાણાપીઠ,મોતી ટોકીઝથી ઝાંપાબજાર,સલાબતપુરા ચલમવાડ રાવણતાડની પાસ અને ગોપીપુરા વિસ્તાર** ઉપર ઘનિષ્ઠ ઝુંબેશ આદરી તમામ દબાણો દુર કરી રસ્તો રાહદારીઓ માટે ખુલ્લો કરવામાં આવેલ છે તથા આશરે ૨૦૦૦ ચો.ફુટ કાચા–પાકા બાંધકામો દુર કરવામાં આવેલ. જે અંતર્ગત નીચે જણાવેલ સામગ્રી જપ્ત કરવામાં આવેલ છે.

(૧) ખુલ્લી લારી–૧૩ નંગ
(૨) બંધ લારી–૨૭ નંગ
(૩) પાથરણા– આશરે – ૨૫
(૪) પરચુરણ સામગ્રી– ૦૮ ટ્રક

સદર ઝુંબેશમાં નીચે જણાવેલ સ્ટાફ તથા સાધનો ઉપસ્થિત રહેલ.

(૧) કાર્યપાલક ઈજનેર–૦૧
(૨) ડે.ઈજનેર–૦૩
(૩) જુની./આસી.ઈજનેર–૧૪
(૪) સુપરવાઈઝર/ટીએ–૧૦
(૫) બેલદાર–૭૫
(૬) સીકયુરીટી સ્ટાફ–૧૫
(૭) ટ્રક–૧૧

આજરોજ કરેલ દબાણ ઝુંબેશમાં સ્થાનિક ફેરીયાઓ ધ્વારા ઉગ્ર વિરોધ નોંધાવી વાતાવરણ ડહોળવાનો ફરી પ્રયાસ કરવામાં આવેલ. જે સુરત મહાનગરપાલિકાના સ્ટાફ ધ્વારા કડક પગલા લઈ દુર કરી સફળતાપૂર્વક તમામ દબાણો દુર કરવામાં આવેલ છે. જેને કારણે સ્થાનિક નાગરિકો તેમજ રાહદારીઓ ધ્વારા રાહતનો શ્વાસ લેવામાં આવી કામગીરીની સરાહના કરવામાં આવેલ. ભવિષ્યમાં પણ સેન્ટ્રલ ઝોનનાં વિવિધ વિસ્તારોમાં આ પ્રકારનાં વર્ષોથી જામી પડેલા દબાણો પોલીસ ડિપાર્ટમેન્ટનાં સ્ટાફનાં સહકારથી દુર કરવાની ઘનિષ્ઠ કામગીરી થતી રહેશે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ૫૭૦
તા.૦૯/૧૨/૨૦૧૯

# <u>પ્રેસનોટ</u>

આજ રોજ તા.૦૯/૧૨/૨૦૧૯ ના રોજ મે.કમિશનરશ્રીના પરીપત્ર નં.સી.એન.૫૫૫, તા.૨૧/૦૯/૨૦૧૯ અંતર્ગત સમય સવારે ૧૦:૦૦ કલાકે માન.મેયરશ્રીના અધ્યક્ષપણા હેઠળ ડે.મેયરશ્રી, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનશ્રી તેમજ અઠવામાં સમાવિષ્ટ ઈલેકશન વોર્ડ નં.૧૯, ૨૦, ૨૧ અને ૨૨ ના મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ તથા સુરત મહાનગરપાલિકાનાં ડે.કમિશનરશ્રી **શ્રી એન.વી.ઉપાધ્યાય** GAS ડે.મ્યુ.કમિશનર (ડેપ્યુ.),ડે.કમિશનરશ્રી સી.વાય.ભટ્ટ, ડે.કમિશનરશ્રી ડૉ.આશિષ કે. નાયક, આસી.કમિશનરશ્રી અને ઈ.ચા.ડે.કમિશનરશ્રીમતી ગાયત્રીબેન જરીવાલા, આસી.કમિશનરશ્રી અને ઈ.ચા.ડે.કમિશનર શ્રી કમલેશભાઈ નાયક તેમજ જુદાં જુદાં વિભાગો (ડ્રેનેજ, હાઉસીંગ, હાઈડ્રોલીક, ટ્રાફીક રોડ) ના કાર્યપાલક ઈજનેરશ્રીઓ, જુદાં જુદાં વિભાગ (લાઈટ અને રોડ, સ્લમ અપગ્રેડેશન સેલ, શહેરવિકાસ વિભાગ, જમિન મિલકત વિભાગ) ના ડે.કમિશનરશ્રીઓ તથા ડે.ઈજનેરશ્રીઓ(તમામ) અને સંબંધિત આસી./જુની. ઈજનેરશ્રીઓ સહિતના અધિકારીસાથે એક સંકલન મીટીંગનું આયોજન કરવામાં આવેલ. જેમાં ઝોન વિસ્તારમાં વિકાસના કામો, બજેટ અંતર્ગત તથા જે તે વિભાગ ધ્વારા પ્રગતિ હેઠળના કામો વિગેરે બાબતે સવિસ્તાર ચર્ચા કરી અને સભ્યશ્રીઓના સુચનો/રજુઆત અન્વયે ચર્ચા વિચારણા કરી થનાર કામગીરી બાબતે જરૂરી આયોજન બાબતે માન.મેયરશ્રી ધ્વારા તથા અધિકારીઓ ધ્વારા ઉકેલ સુચવી તે મુજબ આગામી કાર્યવાહી હાથ ધરવા જણાવેલ.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં.૫૭૧
તા.૦૯/૧૨/૨૦૧૯

# નવો પૂર્વઝોન(વરાછા)–બી ની અખબારી યાદી

તા.૧૦/૧૨/૨૦૧૯

**નવો પૂર્વ(વરાછા)ઝોન–બી વિસ્તારમાં તા.૧૦/૧૨/૨૦૧૯ નાં રોજ નીચે જણાવેલ સ્થળે કરવામાં આવેલ ડીમોલીશન બાબત.**

| તારીખ ૧૦/૧૨/૨૦૧૯ | | | |
|---|---|---|---|
| **ટી.પી.સ્કીમ નં./ફા.પ્લોટ નં.** | **સ્થળ** | **ડીમોલીશનની વિગત** | **રીમાર્કસ** |
| **ટી.પી.સ્કીમ નં.૮૪(ભરથાણા–કોસાડ–અબ્રામા), બ્લોક નં.**૫૯, ૬૨૩, ૬૨૨, ૬૮, ૫૮૭, ૫૯૦, ૫૮૯, ૫૯૧, ૫૮૪, ૫૮૩, ૫૮૨, ૫૮૧, ૫૮૦, ૫૭૯, ૫૭૪, ૫૭૫, ૫૭૩, ૫૬૮ તેમજ **ઓ.પી.નં.**૨૪૧, ૨૨૧, ૨૫૦, ૨૨૦, ૧૯૫, ૧૯૮, ૧૯૭, ૧૯૯, ૧૯૨, ૧૯૧, ૧૯૦, ૧૮૯, ૧૮૮, ૧૮૭, ૧૮૨, ૧૮૧, ૧૮૩, ૧૭૬ | ૯૦.૦૦ મીટરનાં આઉટર રીંગરોડમાં આવતા રસ્તાનો કબ્જો લીધો | આશરે (૫૦૦૦૦.૦૦ ચો.મીટર)માં પહોળાઈમાં ૫૦.૦૦ મીટર આઉટર રીંગરોડનો કબ્જો લીધો તેમજ કાચા–પાકા ઝુંપડાઓ દુર કર્યા. | |

ઉપર જણાવેલ નવો પૂર્વ(વરાછા) ઝોન–બી માં આવેલટી.પી.સ્કીમ નં.૮૪(ભરથાણા–કોસાડ–અબ્રામા) માં આવેલ ૯૦.૦૦ મીટરનાં આઉટર રીંગરોડમાં આવતા બ્લોક તેમજ ઓ.પી. માંથી આશરે(૫૦૦૦૦.૦૦ ચો.મીટર) માં આશરે પહોળાઈમાં ૫૦.૦૦ મીટર તથા ૧૦૦૦.૦૦ મીટર લંબાઈમાં આઉટર રીંગરોડ ખુલ્લો કરી રોડનો કબ્જો લઈ સદર ભાગમાં રીંગરોડ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

ઉકત કામગીરી મે.ડે.કમિશ્નરશ્રી(ડેપ્યુટેશન)નાં આદેશ મુજબ કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ શહેરી વિકાસના સ્ટાફ, દબાણ ખાતાનો સ્ટાફ તથા પોલીસ બંદોબસ્ત તેમજ યુ.આર.ડી.સી.એલ. નાં સ્ટાફની મદદથી પાર પાડવામાં આવેલ.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં..૫૭૨
તા.૧૦/૧૨/૨૦૧૯

# પ્રેસનોટ

## સેન્ટ્રલ ઝોન
## સુરત મહાનગરપાલિકા

**સેન્ટ્રલ ઝોનમાં ઘનિષ્ઠ દબાણ હટાવ ઝુંબેશ :–**

સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ચીફ/ડે.કમિશ્નરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રી ની સીધી સુચના અને માર્ગદર્શન હેઠળ સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોનમાં હાલનાં સમયગાળા દરમ્યાન વિવિધ વિસ્તારોમાં વર્ષો જુના દબાણો હટાવવાની ઝુબેશો ઘનિષ્ઠ રીતે ચાલી રહી છે. સેન્ટ્રલ ઝોનમાં વસ્તીની ગીચતા તેમજ સાંકડા રસ્તાઓ ઉપર વર્ષોથી ફેરીયાઓ/વેપારીઓ ધ્વારા વિવિધ પ્રકારનાં દબાણો કરવામાં આવતાં રહે છે. જેને કારણે અત્રેથી સતત આ પ્રકારનાં દબાણો હટાવવામાં પણ આવે છે. આ દબાણોને કારણે રાહદારીઓ તથા આસપાસ વસવાટકર્તાઓને ઘણી અગવડતા પડે છે. આજ રોજ આવાજ પ્રકારનાં દબાણ હટાવવાની ઘનિષ્ઠ ઝુંબેશ **ગાંધી કોલેજની બહાર, જુની આર.ટી.ઓ.ઓફિસની બહાર, જીવનભારતી સ્કુલની બહાર, સ્નેહમિલન ગાર્ડનની બહાર અને સોરઠીયામાળી પંચની વાડીની આસપાસના વિસ્તાર** ઉપર ઘનિષ્ઠ ઝુંબેશ આદરી તમામ દબાણો દુર કરી રસ્તો રાહદારીઓ માટે ખુલ્લો કરવામાં આવેલ છે. જે અંતર્ગત નીચે જણાવેલ સામગ્રી જપ્ત કરવામાં આવેલ છે.

(૧) ખુલ્લી લારી–૦૬ નંગ
(૨) બંધ લારી–૦૫ નંગ
(૩) પાથરણા– આશરે – ૬૦
(૪) પરચુરણ સામગ્રી– ૦૫ ટ્રક

સદર ઝુંબેશમાં નીચે જણાવેલ સ્ટાફ તથા સાધનો ઉપસ્થિત રહેલ.

(૧) કાર્યપાલક ઈજનેર–૦૧
(૨) ડે.ઈજનેર–૦૨
(૩) જુની./આસી.ઈજનેર–૧૨
(૪) સુપરવાઈઝર/ટીએ–૧૦
(૫) બેલદાર–૬૦
(૬) ટ્રક–૦૮

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ૫૭૩
તા.૧૦/૧૨/૨૦૧૯